**આજનો સુવિચાર**

કોઈના ચહેરા પર સ્મિત લાવવું તે માનવતાનું શ્રેષ્ઠ કૃત્ય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૯૮ જૂનાગઢ તા.૦૭-૮-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 198, Junagadh : Date : 07 August, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay







# ૧૩૬ દિવસ બાદ રાહુલ ગાંધીની સદસ્યતા બહાલ

## કેરળની વાયનાડ બેઠક પરથી ચુંટાયેલા સાંસદ રાહુલ ગાંધી આજે લોકસભામાં હાજરી આપશે



નવી દિલ્હી તા.૭

મોદી સરનેમ બદનક્ષી કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળ્યા પછી આજે રાહુલ ગાંધીને ૧૩૬ દિવસ પછી તેનું સંસદ પદ પરત મળી ગયું છે અને આ માટેની અધિસૂચના જાહેર કરી દેવામાં આવી છે. રાહુલ ગાંધીની લોકસભાની સદસ્યતા પુનઃસ્થાપિત કરવામાં આવી છે. મોદી સરનેમ કેસમાં રાહુલ ગાંધી બે વર્ષની સજા આપવામાં આવી હતી. ૪ ઓગસ્ટે સુપ્રીમ કોર્ટે સજા પર રોક લગાવી દીધી હતી. હવે તેમનું સભ્યપદ પરત આપવામાં આવ્યું છે. આ લખાઈ રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ રાહુલ ગાંધીની સંસદ સદસ્યતા બહાલ કરવા અંગે લોકસભા સચિવાલય દ્વારા અધિસુચના જારી કરી દેવામાં આવી છે. રાહુલ ગાંધીનું સંસદ સભ્યપદ પુનઃ બહાલ થઈ જતા કોંગ્રેસમાં ઉત્સવનો માહોલ જોવા મળી રહયો છે. કોંગ્રેસ હેડ કવાર્ટર ખાતે કોંગ્રસ કાર્યકરો અને નેતાઓ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. સંસદ સદસ્યતા બહાલ થવાના મામલાને કોંગ્રેસ પક્ષ દ્વારા વિજયના રૂપમાં જોવામાં આવી રહયું છે. દરમ્યાનમાં આ લખાઈ રહ્યું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ રાહુલ ગાંધી આજે લોકસભામાં હાજરી આપવા પહોંચશે તેવું જાણવા મળી રહ્યું છે. રાહુલ ગાંધી કેરળની વાયનાડ બેઠક પરથી ચુંટાયેલા સંસદ સભ્ય છે.

ગત ૭ ફેબ્રુઆરીએ આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમ્યાન રાહુલે કેન્દ્ર સરકારને ઘેરી હતી. જે બાદ ૨૪ માર્ચે મોદી સરનેમ કેસમાં તેમનું સભ્ય પદ રદ કરવામાં આવ્યું હતું.

સુપ્રીમ કોર્ટના આદેશ પછી તરત જ, કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ લોકસભાના સ્પીકર ઓમ બિરલાને મળ્યા હતા અને તેમને રાહુલનું સભ્યપદ પરત આપવા વિનંતી કરી હતી. સ્પીકરે ચૌધરીને કહ્યું હતું કે તેઓ સુપ્રીમ કોર્ટનો આદેશ મળ્યા બાદ જ તેના પર નિર્ણય લેશે. શનિવારે અધીર રંજને રજાના કારણે લોકસભા સચિવાલયને પોસ્ટ દ્વારા પેપર મોકલ્યા. અધીર રંજને જણાવ્યું કે એક અંડર સેક્રેટરીએ પેપર્સ મેળવ્યા અને તેના પર સહી કરી, પરંતુ તેના પર સ્ટેમ્પ લગાવ્યો નહીં.

# ચંદ્રયાન-૩એ ચંદ્રની પહેલી તસ્વીર સાથે મેસેજ મોકલ્યો : ૨૩ ઓગસ્ટે ચંદ્ર પર લેન્ડીંગ કરાશે

## મેસેજ : હું ચંદ્રયાન-૩ છું, હું ચંદ્રનું ગુરૂત્વાકર્ષણ અનુભવું છું

નવી દિલ્હી તા.૭

ઈસરોએ ૬ ઓગસ્ટ, રવિવારે રાત્રે લગભગ ૧૧ વાગ્યે ચંદ્રયાન-૩ની ભ્રમણકક્ષા ઘટાડી હતી. આ યાન હવે ચંદ્રની આસપાસ ૧૭૦ કિમી ટ ૪૩૧૩ કિમીની ભ્રમણકક્ષામાં છે. એટલે કે ચંદ્રયાન એવી લંબગોળ ભ્રમણકક્ષામાં આગળ વધી રહ્યું છે જેમાં ચંદ્રથી તેનું લઘુત્તમ અંતર ૧૭૦ કિમી અને મહત્તમ અંતર ૪૩૧૩ કિમી છે.

ભ્રમણકક્ષા બદલવા માટે ચંદ્રયાનના એન્જિનને થોડા સમય માટે ફાયર કરવામાં આવ્યું હતું. ISROએ કહ્યું કે હવે ભ્રમણકક્ષા ઘટાડવાનું આગળનું ઓપરેશન ૯ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ૧૩:૦૦ થી ૧૪:૦૦ કલાકની વચ્ચે કરવામાં આવશે. અગાઉ ચંદ્રયાન ૧૬૪ કિમી x ૧૮૦૭૪ કિમીની ભ્રમણકક્ષામાં આગળ વધી રહ્યું હતું.

૨૨ દિવસની સફર બાદ ચંદ્રયાન શનિવારે સાંજે લગભગ ૭.૧૫ કલાકે ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું હતું. ચંદ્રના ગુરુત્વાકર્ષણમાં તેને કેદ કરી શકાય તે માટે યાનની ગતિ ઓછી કરવામાં આવી હતી. સ્પીડ ઓછી કરવા માટે ઈસરોના વૈજ્ઞાનિકોએ યાનના ફેસને પલટીને થ્રસ્ટર ૧૮૩૫ સેકેન્ડ એટલે લગભગ અડધા કલાક માટે ફાયર કર્યું. આ ફાયરિંગ સાંજે ૭.૧૨ વાગ્યે શરૂ કરવામાં આવ્યું હતું.

૨૨ દિવસની મુસાફરી પછી, ચંદ્રયાન ૫ ઓગસ્ટે ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું. બીજી તરફ ૬ ઓગસ્ટના રોજ ઈસરોએ ચંદ્રયાન-૩ની ભ્રમણકક્ષા ઘટાડી હતી. આ વાહન હવે ચંદ્રની આસપાસ ૧૭૦ કિમી ટ ૪૩૧૩ કિમીની ભ્રમણકક્ષામાં છે.

મિશન વિશે માહિતી આપતા, ISRO એ X પોસ્ટમાં ચંદ્રયાન દ્વારા મોકલવામાં આવેલ સંદેશ લખ્યો હતો, 'હું ચંદ્રયાન-૩ છું... હું ચંદ્રનું ગુરુત્વાકર્ષણ અનુભવું છું.' ઈસરોએ એમ પણ કહ્યું હતું કે ચંદ્રયાન-૩ને સફળતાપૂર્વક ચંદ્રની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યું છે. ચંદ્રયાનને ૨૩ ઓગસ્ટે લેન્ડિંગ કરતા પહેલાં કુલ ૪ વખત તેની ભ્રમણકક્ષા ઘટાડવી પડશે. તેમણે રવિવારે એકવાર ભ્રમણકક્ષા ઘટાડી છે.

૧ ઓગસ્ટના રોજ રાત્રે લગભગ ૧૨ વાગે ચંદ્રયાન-૩ને પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી ચંદ્ર તરફ મોકલવામાં આવ્યું હતું. આને ટ્રાન્સલ્યુનર ઈન્જેકશન કહેવામાં આવે છે. અગાઉ ચંદ્રયાન આવી લંબગોળ ભ્રમણકક્ષામાં આગળ વધી રહ્યું હતું, જેનું પૃથ્વીથી લઘુત્તમ અંતર ૨૩૬ કિમી અને મહત્તમ અંતર ૧ લાખ ૨૭હજાર ૬૦૩ કિમી હતું. તે ૨૩ ઓગસ્ટે ચંદ્ર પર ઉતરશે.

ટ્રાન્સલુનર ઈન્જેક્શન માટે, બેંગલુરૂમાં ઈસરોના મુખ્યાલયના વૈજ્ઞાનિકોએ થોડા સમય માટે ચંદ્રયાનનું એન્જિન શરૂ કર્યું. જ્યારે ચંદ્રયાન પૃથ્વીથી ૨૩૬ કિલોમીટરના અંતરે હતું ત્યારે એન્જિન ફાયર કરવામાં આવ્યું હતું. ઈસરોએ કહ્યું- ચંદ્રયાન-૩ પૃથ્વીની આસપાસ પોતાની પરિક્રમા પૂરી કરીને ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે. ઈસરોએ અવકાશયાનને ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂક્યું છે. ચંદ્રયાન-૩માં લેન્ડર, રોવર અને પ્રોપલ્શન મોડ્યુલ છે. લેન્ડર અને રોવર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરશે અને ત્યાં ૧૪ દિવસ સુધી પ્રયોગો કરશે. પ્રોપલ્શન મોડ્યુલ ચંદ્રની ભ્રમણકક્ષામાં રહીને પૃથ્વી પરથી આવતા રેડિયેશનનો અભ્યાસ કરશે. આ મિશનથી ISROએ શોધી કાઢશે કે ચંદ્રની સપાટી પર ભૂકંપ કેવી રીતે આવે છે. તે ચંદ્રની જમીનનો પણ અભ્યાસ કરશે.

# ૧૮ વર્ષથી ઓછી વયના તમામ માટે સોશ્યલ મિડીયા અકાઉન્ટ બનાવવા-ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવા તૈયારી

નવી દિલ્હી તા.૭

સ્માર્ટ ફોન અને તેની સાથે સોશ્યલ મીડીયાના આગમન બાદ હવે તેની વ્યાપક અસર પડી રહી છે અને ખાસ કરીને બાળકોની ટીનએજર પણ સોશ્યલ મીડીયાના 'બંધાણી' જેવી સ્થિતિમાં પહોંચી રહ્યા છે જેમાં તમો કદાચ સ્માર્ટ 'ટેકસેવી' તરીકે ભલે ગણાતા હોય પણ તેમના શારીરિક માનસિક વિકાસ તથા તેમના સ્વભાવથી લઈને અભ્યાસ સુધી નકારાત્મક અસર પડે છે તે અંગે અલગ અલગ અભ્યાસમાં ગણાયા બાદ હવે સરકાર દેશમાં ૧૮ વર્ષ સુધીના તમામ માટે સોશ્યલ મીડીયા પર એકાઉન્ટ બનાવવા કે તેના વ્યાપક ઉપયોગ પર પ્રતિબંધ મુકવાની તૈયારી કરી રહી છે. અમેરિકા સહિતના દેશોમાં આ અંગે થયેલા અભ્યાસ બાદ સરકારે જે વધુ ડેટા પ્રોટેકશન બિલ તૈયાર કરીને સંસદમાં રજુ કર્યુ છે તથા ટીનએજર્સને સોશ્યલ મીડીયા એસેસ કરવા સંબંધી અનેક નિયંત્રણો મુકવાની દરખાસ્ત છે. જેમાં હાલ સર્વાધિક ઉપયોગમાં લેવાતા ફેસબુક ઈન્સ્ટાગ્રામ-ટવીટર સહિતના સોશ્યલ મીડીયાનો સમાવેશ થાય છે તથા આ મીડીયાને પણ ટીનએજર્સના એકાઉન્ટ તેના માતા-પિતાની સંમતિ વગર ખોલવા નહી દેવા તથા તેના ડેટાનો કોઈપણ રીતે ઉપયોગ નહી કરવાની શરત લદાશે. ઉપરાંત આ પ્રકારના એકાઉન્ટમાં બાળકોને ટાર્ગેટ કરતી એડ. પણ આપી શકાશે નહી. ટેક કંપનીઓએ આ માટે તેના એપ્લીકેશનમાં ખાસ જોગવાઈ કરવાની રહેશે. આ ઉપરાંત જે શૈક્ષણિક વેબસાઈટ કે એપ્લીકેશન છે તેના માટે પણ નિયમો બનાવાયા છે અને તે વિદ્યાર્થીના ડેટા મેળવી શકશે પણ તેનો કોમર્શિયલ ઉપયોગ માતા-પિતાની મંજુરી વગર કરી શકશે નહી અને તે કોઈ ગેમીંગ એપ કે તેવી વેબસાઈટ સાથે પણ જોડાઈ શકશે નહી. બાળકોના સ્ક્રીનટાઈમમાં મોટો વધારો થઈ રહ્યો છે જેમાં ગેમીંગમાં તો પબજી સહિતની ગેમમાં બાળકો પાગલ સમાન રમે છે. ઉપરાંત રમી સહિતની ગેમમાં પણ ટીન એજર્સ ફસાવા લાગ્યા છે. ક્રિકેટની સાથે જોડાયેલી ફેન્ટસી એપ. માટે પણ આ નિયમો થોડા ફેરફાર સાથે લાગું કરવામાં આવશે.

# બેંકો નાણાંકીય સંસ્થાઓ વિમા કંપનીઓમાં પાંચ દિવસનું સપ્તાહ આવશે

નવી દિલ્હી તા.૭

બેન્કો અને અન્ય નાણાકીય અને વિમા કંપનીઓ હવે પાંચ દિવસનું સપ્તાહ નિશ્ચિત બની રહ્યું છે. ઈન્ડીયન બેન્ક એસો. દ્વારા આ અંગે નાણામંત્રાલયને ભલામણ મોકલી દેવામાં આવી છે. તા.૨૮ જુલાઈના ઈન્ડીયન બેન્ક એસો.ની બેઠકમાં બેન્કના મેનેજમેન્ટ દ્વારા ફાઈવ ડે વીક એ આજની જરૂરિયાત હોવાનું મંતવ્ય વ્યક્ત કરાયું હતું.

હાલ એક માસમાં બે શનિવાર બેન્ક તથા નાણાકીય સંસ્થાઓ રજા રાખે છે તેના બદલે તમામ ચાર શનિવાર-રજા રાખે તે નિશ્ચિત થશે. આ માટે ખાનગી બેક્રો પણ સહમત થઈ છે. બેન્કોમાં આ માટે કામના કલાકો વધારશે. હાલ ૭૦ ટકા જેટલા રોજબરોજના બેન્કીંગ વ્યવહારો ડીજીટલ થઈ ગયા છે અને અનેક બ્રાન્ચો ફકત ટોકન કામકાજ કરે છે. ૨૦૧૫થી બેક્રોમાં દર બીજા શનિવારે રજા રાખવાનો નિયમ અમલી બનાવાયો છે.

બેન્કોએ તેના લોન સહિતના વિભાગોને કેન્દ્રીકરણ કર્યુ છે જેના કારણે બ્રાન્ચોની કામગીરી પણ ઘટી છે અને બેન્કોમાં પણ મોટાભાગની કામગીરીનું કોમ્પ્યુટરાઈઝ થયું છે તેથી પાંચ દિવસના કામકાજમાં કોઈ મુશ્કેલી પડશે નહી.

# મુંબઈ સ્થિત ગુજરાતી અભિનેત્રી પર ગુજરાતી બિઝનેસમેને બળાત્કાર કર્યો : ફરીયાદ નોંધાઈ

મુંબઈ તા.૭

મુંબઈના એનએમ જોશી માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુજરાતી અભિનેત્રી અને મોડલ સાથે બળાત્કારનો મામલો સામે આવ્યો છે. અભિનેત્રીએ તાન્ઝાનિયા સ્થિત NRI બિઝનેસમેન સામે જાતીય સતામણી અને હુમલો કરવાનો આરોપ મૂક્યો છે. પીડિતાની ફરિયાદના આધારે પોલીસે આરોપી વેપારી વિરેન પટેલ વિરૂદ્ધ IPCની કલમ ૩૭૬(૨)(N), ૩૨૩ અને ૫૦૪ હેઠળ કેસ નોંધ્યો છે. પીડિતાએ પોલીસને તેના નિવેદનમાં જણાવ્યું કે, એક વર્ષ પહેલા ઓકટોબર ૨૦૨૨માં તે અંધેરી વિસ્તારમાં એક મિત્રની બર્થડે પાર્ટીમાં ગઈ હતી જ્યાં તે આરોપી વિરેન પટેલને મળી હતી. પીડિતાએ કહ્યું, તેણે મારો મોબાઈલ નંબર માંગ્યો અને મેં આપ્યો. તે પછી તેણે મને ફોન કરીને મેસેજ કરવાનું શરૂ કર્યુ જેના કારણે અમે મિત્રો બની ગયા.' તેણે કહ્યું, અમે એકબીજાને મદદ કરવાની વાત કરવા લાગ્યા, બિઝનેસ વિશે વાત કરી, જેના કારણે અમારા સંબંધો વધ્યા અને ગાઢ થતા ગયા. પીડિતાએ કહ્યું કે, ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ તેણે મને લોઅર પરેલ સ્થિત તેના ફલેટમાં બોલાવી અને મને તેની સાથે રહેવા કહ્યું. ત્યાં તેણે મને લગ્ન માટે પણ કહ્યું. અમે બંને સિંગલ હતા અને ગુજરાતી કોમ્યુનિટીના હતા, તેથી જ મેં હા પાડી. આ પછી ૧૧ એપ્રિલે તે મને અલીબાગમાં તેના એક મિત્રના ફાર્મહાઉસ પર લઈ ગયો અને ત્યાં મારા પર બળજબરી કરવાનો પ્રયાસ કર્યો. જ્યારે મેં ના પાડી ત્યારે તેણે મારી સાથે મારપીટ કરી. અભિનેત્રીએ આરોપ લગાવ્યો કે આવા અનેક પ્રસંગોએ તેણે મારૂ શોષણ કર્યુ અને મારપીટ કરી હતી.


**લેવા-વેચવા**


લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

**મયંક એસ્ટેટ બ્રોકર**
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪


C M Y K

# મુખ્ય મંત્રી સાથે ફળદાયી મુલાકાત



થોડા દિવસ પહેલા ફેસબુકમાં કોઈએ અમેરીકાના પ્રમુખ જોહન એફ કેનેડીનું વાકય લખેલું હતું કે **Ask not what your country has done for you, but ask what you have done for your country** ત્યારે મને થયુ કે દેશ માટે તો ઠીક આપણા શહેર માટે આપણે શું કર્યુ ? આ એક વિચારે મુખ્યમંત્રીની મુલાકાત કરી જૂનાગઢના પ્રશ્નો રજુ કરવા તેવો નિર્ધાર કરેલો.

ભલે હું **One man army** છું પણ ગાંધીનગરમાં મુખ્ય મંત્રીની મુલાકાત કોણ કરાવી આપે તે યક્ષ પ્રશ્ન હતો આથી મારી નજર જુનાગઢના પત્રકારધીરૂભાઈ પુરોહીત તરફ ગઈ અને મે તેને વિચાર રજુ કર્યો એને તેણે કહયુ કે સોમવારે મુખ્ય મંત્રી સામાન્ય રીતે મળે છે તો આપણે સોમવારનું નકિક કરીએ પરંતુ ચાર પાંચ વ્યકિત હોય તો વધુ સારૂ આથી જૂનાગઢના પ્રશ્નોને નીડર પણે રજુ કરી શકે તેવા બી.એસ.એન.એલ.ના નિવૃત અધીકારી વૃંદાવન ચંદારાણાને ફોન કર્યો તેમણે સંમતી આપી સાથે સોસીયલ મીડીયામાં જે પ્રવૃત છે તેવા સામાજીક જીવનના પ્રહરી અને નાગર ગૃહસ્થ હર્ષદભાઈ મંકોડીને સાથે લીધા અને સાથે કડીયાવાડની કરૂણ ઘટનાના વર્ણન માટે જૂનાગઢના કવી અને સાહિત્યકાર નિલેશભાઈ કાથડને સાથે લીધેલા હતા અને સોમવારે જવાનું નકિક કર્યુ પરંતુ ત્યાં કોઈએ વોટસ એપમાં મેસેજ મોકલ્યો કે મુખ્યમંત્રીના બધી મુલાકાતો સોમવારની રદ થયેલ છે. આથી પ્રથમ ગ્રાસે મક્ષીકા જેવું થયું છતાં બધાનો આગ્રહ હતો એટલે મંગળવારે તા.૧-૮-૨૦૨૩ ના રોજ જવાનું નકિક કર્યુ ગાંધીનગર તો પછી ગયા પરંતુ ત્યાં 'ચ' સેકટર અને 'ધ' સેકટર જેવી માયાજાળમાં ગુગલ મેપ પણ કામ કરતો ન હતો ત્યારે કાઠીયાવાડી સ્ટાઈલમાં મુખ્યમંત્રીનું કાર્યાલય કયાં છે તે પુછતા પુછતા તેની ઓફીસ સુધી પહોચી ગયા પરંતુ અહી તો અમોને ખબર પડી કે જાણે અમો કોઈ આંતકવાદી હોય તે રીતે અમારૂ સીકયુરીટી ચેક ત્રણેક વાર કરવામાં આવેલ, મોબાઈલ મુકી દેવો પડેલો અને જયારે કાર્યાલયમાં પહોચ્યા ત્યારે મુખ્ય મંત્રીના અંગત સચિવે કહેલ કે તમારી પાસે કોઈ એપોઈમેન્ટનો લેટર છે ત્યારે અમે જણાવેલ કે અમારી પાસે આવો કોઈ પત્ર નથી તો મુલાકાત મળી શકે નહી તેવું જણાવતા હવે શું કરવુ તેના વિચારણામાં પડી ગયા પરંતુ ત્યાં એક જાણીતા ધારાસભ્ય મળી જતા તેમણે પરીચય આપી અમોને મુલાકાત માટે વેઈટીગ રૂમમાં ગોઠવી દિધેલા. લગભગ બે કલાકે અમો જયારે મુખ્ય મંત્રીના રૂમમાં પ્રવેશ્યા ત્યારે ત્યાં અરજદારોની લાઈન હતી અને અમોને પણ ત્યાં લાઈનમાં રહેવાનુ કહેવામાં આવેલ આથી ફરી પ્રશ્ન થયો કે આ રીતે અરજદારની જેમ બે મીનીટમાં કઈ રીતે જૂનાગઢના પ્રાણ પ્રશ્નો રજુ કરી શકીશું. માટે ફરી મુખ્ય મંત્રીને અંગત સચિવ પાસે જઈ વાત કરીએ પરંતુ આવડી મોટી લાઈન માંથી બહાર નિકળ્યા બાદ પાછુ આવી ન શકાય તેવી સ્થીતી હોય 'પડશે તેવુ દેવાસે'ના સિધ્ધાંત મુજબ અમે પાંચેય લાઈનમાં ગોઠવાઈ ગયા પરંતુ બધાના ચહેરા ઉપર આશ્ચર્ય ચિન્હ હતું કે હવે શું કરવું ? લાઈનમાં કોઈ કર્મચારી બદલી માટે આવેલ હતું, કોઈ ગોચરની જમીનમાં પેશકદમી દુર કરવા આવેલ હતું કોઈના રેશનકાર્ડની દુકાન રદ કરેલ હતી તે આવેલા હતા. આવામાં અમારે શું રજુઆત કરવી તે મુશ્કેલ હતું અને ત્યાં અમારો વારો આવ્યો એટલે બધા અરજદારોની જેમ અમોને પણ મુખ્ય મંત્રીએ પુછયું કે બોલો તમારો શું પ્રશ્ન છે ત્યારે અમોએ સાહજીક રીતે કહ્યું કે સાહેબ અમો પાંચ જૂનાગઢથી આવેલા છીએ અને અમારા કોઈ પ્રશ્ન માટે આવેલા નથી પરંતુ જૂનાગઢ શહેરના પ્રાણ પ્રશ્નોની રજુઆત કરવા માટેઆવેલા છીએ એટલે અહી લાઈનમાં ઉભા ઉભા રજુ આત થઈ શકે તેમ નથી અમારી પાસે ઘણા પુરાવા છે તે બધુ નિરાતે જોવુ પડે તેમ છે અમારા સાનંદાશ્રય વચ્ચે મુખ્ય મંત્રીએ કહેલ કે તો પછી મારે તમોને નીરાતે મળવું જોઈશે માટે તમો સામે મીટીગ રૂમના સોફા ઉપર બેસો અને આ લાઈન પુરી થશે એટલે હું ત્યાં તમારી પાસે આવીશ. આથી અમો પાંચેયને લાગ્યું કે હવે કાંઈક રજુઆત કરી શકાશે અને તે પણ મુકત મને રજુઆત કરી શકાશે જયારે મુખ્ય મંત્રી અમારી પાસે આવ્યા ત્યારે તે ખંડમાં અમો પાંચ સભ્યો જ હતા અન્ય કોઈ હતું નહી આથી અમોએ અમારી ફાઈલ કાઢીને એક પછી એક પ્રશ્ન રજુ કર્યા અને તેને અનુરૂપ ફાઈલ મુખ્ય મંત્રીને આપતા ગયા.

ધીરૂભાઈ પુરોહિત દ્વારા જૂનાગઢના જળ સંકટ સબંધેના વર્તમાન પત્રમાં આવેલા ફોટોગ્રાફસ અને સમાચારના કટીગ લાવેલા હતા. સર્વ પંથમ જૂનાગઢના જળ સંકટમાંથી ઉભા થયેલા પ્રશ્નોથી શરૂઆત થયેલ બધા જ પાંચેય સભ્યોનો પરીચય લીધા બાદ તેણે એક પછી એક પ્રશ્ન સાંભળવાના શરૂ કરેલા મને યાદ છે ત્યાં સુધી અગાઉના બે મુખ્ય મંત્રીઓને રૂબરૂ મળેલો હતો પરંતુ આટલી શાલીનતાથી નિરાતે પ્રશ્નને સમજવા માટે કોઈએ કોશીશ કરી હોય તો આ પ્રથમ મુખ્ય મંત્રી લાગ્યા. અમોએ રજુઆત કરેલી કે તાજેતરમાં જે જળશંકટ જૂનાગઢમાં આવેલ અને જૂનાગઢની નીચાણ વાળી ૧૦૦થી વધુ સોસાયટીમાં પાણી ભરાઈ ગયેલા હતા. તે જળ સંકટ કુદરતીજળ સંકટ ન હતું પરંતુ માનવ સર્જીત હતું આથી મુખ્ય મંત્રીએ બહુ જ કુતુહુલતા પુર્વક પુછયું કે કઈ રીતે માનવ સર્જીત હતું. એટલે અમોએ જણાવેલકે આ વર્ષે વરસાદ વધુ પડયો તે હકિકત છે પરંતુ વરસાદના પાણી થી જ જો મિલકતની નુકસાનીથઈ હોત તો ગીરનાર ઉપરના મંદિરો અને દેરાસરો તુટી ગયેલા હોત પરંતુ તેમને કોઈ અસર થઈ નહી અને આ ગીરનારમાંથી આવેલ પાણી ગીરનાર દરવાજાથી દિવાન ચોક, ઢાલરોડ વિગેરે ઉપરવાસથી નીચે આવીને સોસાયટીમાં આવી ગયેલ અને મોટા ભાગની સોસાયટીમાં ચાર થી પાંચ ફુટ પાણી ભરાઈ જતા દરેકને ત્રણ થી ચાર લાખનું નુકસાન થયેલ. ત્યારે મુખ્ય મંત્રીએ કહેલ કે તમે કહો છો તેમ માનવ સર્જીત છે તો તેના કારણો શું ? ત્યારે અમે કહેલ કે તેના મુખ્ય ત્રણ કારણ છે કાળવા નદીના પટમાં થયેલા આડેધડ અને ગેરકાનુની બાંધકામો તથા ત્યાંની દિવાલ તુટી ગયેલ તેથી પાણીનો પ્રવાહ નીચાણ વાળી સોસાયટીમાં આવેલો સામાન્ય રીતે નવાબના સમયથી જૂનાગઢમાં ખુબ જ વિશાળ પ્રમાણમાં પાણીનુ વહન કરી શકે તેવા વોકળા છે પરંતુ આ વોકળા માં સફાઈ ન થવાના કારણે તેની ઉંડાઈ ઘટી ગયેલ છે અને વોકળાના કિનારે બાંધકામ થઈ ગયેલા છે તેથી પાણીના પ્રવાહમાં અવરોધ ઉભો થયેલો અને ત્રીજુ કારણ જૂનાગઢ શહેરમાં નરસિહ મહેતા સરોવરમાં બ્યુટીફીકેસનના નામે કરોડો રૂપીયાની ગ્રાંટનો દુર ઉપયોગ થઈ રહ્યો છે તેમા આડો પાળો કરી લેવાથી નરસિહ મહેતા સરોવરમાં પાણી જઈ શકે તેમ ન હતું જે સામાન્ય રીતે દર વર્ષે જાય છે આ રીતે જૂનાગઢનો જળ પ્રલય માનવ સર્જીત હતુ તે યથાવત છે ત્યારે મુખ્ય મંત્રીએ મારી સામે જોઈને કહેલ કે વોકળાના કાઠે બાંધકામ તો થઈ ન શકે છતાં કેમ થયું છે ? કદાચ ધારા શાસ્ત્રી તરીકે મને આ સુચક પ્રશ્ન પુછેલો હોય તેવું લાગ્યું ત્યારે વચ્ચેથી જ અમારા બંને સભ્યો ચંદારાણાભાઈ તથા મંકોડી ભાઈએ કહયુ કે સાહેબ આવુ બાંધકામ ગેરકાનુની છે છતાં છડે ચોક થયેલું છે. ત્યારે મુખ્ય મંત્રીએ કહેલ કે તમો કમિશ્નરને આ બાબતે વાત કેમ કરતા નથી ત્યારે અમારી સાથેના ચંદારાણા ભાઈએ જણાવેલકે સાહેબ કોર્પોરેશન ગેરકાનુની બાંધકામ તથા વોકળાના બાંધકામ માટે નોટીસ આપે છે અને તોડી નાખવાનો હુકમ પણ કરે છે પરંતુ બધુ કાગળ ઉપર રહે છે તેની અમલવારી થતી નથી. આ બાબતની મુખ્ય મંત્રીએ ખાસ નોંધ લીધેલી. ત્યાર બાદ અમારી સાથેના વૃંદાવન ચંદારાણાએ રાયજીબાગમાં સીટી સર્વે કચેરીના જે કારસ્તાનો છે તેનો ચિતાર આપતી એક સંપુર્ણ ફાઈલ મુખ્યમંત્રીને આપેલી. મુખ્ય મંત્રીએ તેનો અભ્યાસ કરીને ચકિત થઈ ગયા અને કહ્યું કે જૂનાગઢમાં આવુ બધુ ચાલે છે ?

ત્યાર પછી કડીયાવાડ માં જે મકાન પડી ગયું અને એક આખુ કુટુંબ તેમા હોમાઈ ગયું તે બાબતે હૃદય દ્રાવક ચિતાર કવીશ્રી નીલેશભાઈ કાઠડે તેમની દર્દભીની ભાષામાં જણાવેલ. હર્ષદભાઈ મંકોડીએ તો ત્યાં સુધી જણાવેલ કે સાહેબ અમો જુના જનસંધી છીએ અને હવે આ ગેરરીતીઓ સહન થતી નથી ચંદારાણા તો રાયજીબાગની સ્થીતીનું વર્ણન કરતા ચોધારા આસુએ મુખ્યમંત્રી રૂબરૂ રડી પડેલ અને કહેલ કે સાહેબ હવે તમે જ બચાવી શકો તેમ છો. બે મીનીટ સુધી તો વાતાવરણમાં સન્નાટો વ્યાપી ગયો મુખ્ય મંત્રી પણ બે મીનીટ માટે જાણે અમારા દુઃખમાં સહભાગી હોય તેવું લાગ્યું રસ્તા માટેના પ્રશ્ન માટેનો બધા જ સભ્યોએ જોરદાર રજુઆત કરેલી. મે તો મુખ્ય મંત્રીને મારૂ એક ઉદાહરણ આપીને રસ્તાની સ્થીતી સમજાવી અને કહયુ કે સાહેબ મારો દિકરો મને કહેતો હતો કે મારે ઘોડા ઉપર બેસવું છે એટલે મે કહ્યું કે દિકરા મારા સ્કુટરની પાછળ આંખ બંધ કરીને બેસી જા અને પછી હું તને જૂનાગઢના રસ્તા ઉપર ફેરવું એટલે તું ઘોડે સવારી કરતો હોય તે રીતે ઉચા-નીચો થાઈશ અને તેને લાગશે કે ઘોડે સવારી કરી રહ્યા છીએ આ મજાકનો અર્થ મુખ્ય મંત્રી સમજી ગયા અને કહ્યું કે તમારે તો કોર્પોરેશન છે ને એટલે અમે કહયુકે એ વાત સાચી છે પરંતુ રસ્તા માટે કાંઈક કરવું જોઈએ કારણ કે જૂનાગઢમાં રોપવે આવી જતા આંતરરાષ્ટ્રીય ટુરીજમમાં જૂનાગઢનો સમાવેશ થઈ ગયેલો છે દેશ વિદેશથી લોકો જૂનાગઢમાં આવે છે પરંતુ જૂનાગઢના રસ્તા, ગંદકી, ભુગર્ભ ગટરને કારણે ઠેર ઠેર થયેલા ખોદાણો થી એક ખરાબ અસર લઈને જાય છે ત્યારે અમો બધા એ એકી સાથે કહયુ કે સાહેબ રસ્તાનુ કામ હવે કોર્પોરેશનને બદલે કોઈ સ્વતંત્ર એજન્સીને સોપો ત્યારે મુખ્ય મંત્રી એ કહ્યું કે તે કઈ રીતે થઈ શકે ત્યારે અમે જણાવ્યું કે સરકારની આ માટેની સ્વતંત્ર સંસ્થા ગેરી છે તેના સુપર વિઝન નીચે આ રસ્તાનું કામ પી.ડબલ્યુ.ડી.ને સોપી દો તો રસ્તાની સ્થીતી કદાચ સુધરશે મુખ્ય મંત્રીએ આ બાબતને ખુબ જ ગંભીરતા પુર્વક લીધેલી અને કહ્યું કે તમો આટલી તૈયારી કરીને આવેલા છો અને જરૂરી પુરાવા સાથેની ફાઈલો લાવેલા છો તો હવે મારે જૂનાગઢ માટે કાંઈક કરવું જ જોઈએ અને અમો બધાને જણાવેલ કે હવે તમે ચીફ સેક્રેટરી અશ્વીની કુમારને શહેરી વિકાસ ખાતામાં મળી આવો હું તેમને ફોન કરી દઉ છું અને ત્યાંથી મુખ્ય મંત્રીએ અશ્વીનીકુમારને ફોન કરી દિધેલ કે જૂનાગઢનું પ્રતિનીધી મંડળ આવે છે તેને સાંભળી યોગ્ય કાર્યવાહી કરી મને જાણ કરશો. લગભગ ૧૫ થી ૨૦ મીનીટનો સમય મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આપ્યો. અમો ઉભા થયા એટલે અમોએ કહ્યું કે અમોને યાદગીરી રૂપે અમારે ફોટો લેવો છે એટલે તેણે કહ્યું કે સામાન્ય રીતે સોમવારની મીટીગમાં જ ફોટો લેવામાં આવે છે મંગળવારે ખુબ જઅરજદારો હોય છે એટલે ફોટોગ્રાફી કરવામાં આવતી નથી છતાંય તમો જૂનાગઢના પ્રશ્નો માટે તમારા કોઈ સ્વાર્થ વગર આવ્યા છો તો આજે તેમા અપવાદ કરીને હું ફોટોગ્રાફસ આપીશ તેમ કહીને તેણે ફોટોગ્રાફરને બોલાવી લીધો અને મુખ્યમંત્રી સાથેનો અમારો ફોટો લેવામાં આવેલો અને જતા જતા ફરી મુખ્ય મત્રીએ અમોને યાદ આપ્યું કે તમો શહેરી વિકાસ ખાતામાં ચીફ સેક્રેટરી અશ્વીની કુમારને મળ્યા વગર જતા નહી મુખ્ય મંત્રીના આ કાર્યલયમાં દાદા ભગવાન અને સીમંધરસ્વામીની સુંદર પ્રતિમાઓ હતી એટલે એમ લાગ્યુ કે મુખ્ય મંત્રી એક ધાર્મીક પ્રકૃતીના છે એટલું જ નહી પરંતુ અમોને જે રીતે નીરાતે સાંભળ્યા તે જોતા પ્રજાના દુખ દર્દો મટાડવા માટે તેઓ કાર્ય કરી રહ્યા છે મુખ્ય મંત્રીને અમો જયારે મળ્યા ત્યારે કુટુંબના અંગત વડીલને વાત કરતા હોય તે રીતે મુકત મને બધા એ પોતાના પ્રશ્નો રજુ કર્યો ખરૂ પુછો તો અમોને જે રાજકારણીની નફરત હતી તે બધી જ ઓગળી ગઈ અને એક સાલસ અને પ્રજાના પ્રતીનીધી જેને વાસ્તવીક રીતે કહી શકાય તેવા મુખ્ય મંત્રીને મલ્યાનો આનંદ થયો જયારે જયારે ભુતકાળમાં પણ અમો મુખ્ય મંત્રીને મળ્યા છીએ ત્યારે કામ થઈ જશે તેવો મીઠો જવાબ જ આપેલો હતો. પરંતુ કોઈ કામ થયુ નથી તે પણ તેટલી જ વાસ્તવીક હકિકત હતી તેવી છાપ સાથે અમે મુખ્ય મંત્રીશ્રીને મળવા ગયેલા હતા પરંતુ તેમને મળ્યા બાદ અમો બધાને જણાયુ કે ગુજરાતના સદભાગ્ય છે કે આટલા સરળ મુખ્ય મંત્રી ગુજરાતને મળ્યા છે, કોઈ અહંકાર નહી, સતાનો નશો નહી, અને બધા જ પ્રશ્નો સમજીને ઉકેલ કરવાની તેની તત્પરતા જોઈને અમો આ મુખ્ય મંત્રીને મનોમન અભિનંદનની સાથે વંદન પણ કરેલ. મુખ્ય મંત્રીએ કેટલી તત્પરતાથી કામ કરેલ છે તે ત્યાર બાદ અમોને જાણવા મળેલ અમો ચીફ સેક્રેટરી શહેરી વિકાસ ખાતામાં અશ્વીની કુમારને મળ્યા અને અમો હજુ ત્યાં પહોચ્યા ત્યાં જ તેના અંગત સચિવે કહેલ કે મુખ્ય મંત્રીનો ફોન આવ્યો છે અને જૂનાગઢના લોકોએ સાહેબને મળવા જવાનું છે એટલે તુરત જ અમો અશ્વીની કુમારને મળ્યા જૂનાગઢમાં કલેકટર હતા એટલે મને અને ધીરૂભાઈ પુરોહિતને સારીરીતે ઓળખતા હતા. મને કહેલ કે વન મેન આર્મીને શું તકલીફ છે એટલે મે કહેલ કે સાહેબ અમો અમારા માટે નહી પરંતુ પ્રજાના પ્રશ્નો માટે આવ્યા છીએ એટલે અશ્વીની કુમારે કહેલ કે મને મુખ્ય મંત્રીએ બધુ જણાવી દિધુ છે અને તમારા પ્રશ્નોનો નિકાલ થઈ જાય તે માટે બધા જ પ્રયાસો આજથી શરૂ થઈ જશે તમારા બધા જ પ્રશ્નો સબંધીત ખાતા તરફ મુખ્ય મંત્રીની નોંધ સાથે મોકલી દેવામાં આવશે અને તમો જૂનાગઢ પહોચો તે પહેલા તમારા બધા જ પ્રશ્નોની સમરી જૂનાગઢના કલેકટરને મળી ગઈ હશે અને તમો જઈને જૂનાગઢ કલેકટરને મળી લેશો અને બીજે દિવસે જૂનાગઢ આવીને અમો કલેકટરને મળવા ગયા ત્યારે તેણે પણ કહ્યું કે મુખ્ય મંત્રીના કાર્યાલયમાંથી ફોન આવી ગયો છે એટલું જ નહી પરંતુ અમોએ ત્યાં જે ફાઈલ આપી હતી તે અહીયા આપવાનો પ્રયાસ કરતા કલેકટરએ જણાવ્યું કે તમોએ મુખ્યમંત્રીને આપેલ સંપુર્ણ મટીરીયલ્સ અત્રે આવી ગયેલ છે માટે તમારે વિશેષ આપવાની જરૂર નથી અને તેણે કહેલ કે હવે કોર્પોરેશનમાંથી જરૂરી સુચના અને માહીતી મેળવી હું મુખ્ય મંત્રીને રીપોર્ટ કરી આપીશ અને વર્તમાન પત્રના માધ્યમથી બધા એ જોયું હશે કે જૂનાગઢમાં તપાસનો ધમધમાટ શરૂ થઈ ગયેલો છે. જૂનાગઢના ધણા જ પ્રાણ પ્રશ્નો સબંધે અમોએ રજુઆત કરેલી હતી જેમા નરસિહ મહેતા સરોવર બ્યુટીફીકેશન, વોકળાના કાઠે થયેલા ગેરકાનુની બાંધકામ, કલમ-૨૬૦ની નોટીસ આપ્યા બાદ કોર્પોરેશન કાંઈ પગલા લેતી નથી તે, કાળવાના પટમાં થયેલા ગેરકાનુની બાંધકામ, દામોદર કુંડમાં પાંચ થી છ કરોડનો ખોટો વ્યર્થ ખર્ચ થયેલ તે બાબતે તપાસ કરવા જૂનાગઢના અમુક વિસ્તારમાં અશાંત ધારો લાગુ કરવા , જળ સંકટમાં થયેલ નુકસાનનું સર્વે કરીને વળતર આપવા તથા સોસાયટીની જે દિવાલો તુટી ગયેલ છે તેને તાત્કાલીક સમારકામ સરકાર ખર્ચે કરી આપવા તથા જળ પ્રલયથી જે રસ્તામાં ગંદકી થયેલ છે તે યુધ્ધના ધોરણે સાફ કરાવવા માટેની રજુઆત હતી કડીયાવાડમાં જર્જરીત મકાન તુટી પડતા ત્રણ રાહદારીનું અકાળે અવસાન થયેલ તે બાબતે ફકત યોગ્ય વળતર આપે એટલુ જ નહી પરંતુ આવી બાબતોનુ પુનરાવર્તન ન થાય તે બાબતે જરૂરી પગલા લેવા માટેની તાકીદ પણ કરવામાં આવેલી છે. જળ પ્રલય થયું તે બાબતે જે કારણો જવાબદાર છે તે માટે કોઈની વ્યકિતગત જવાબદારી નકિક થતી હોય તો તે કરી પગલા લેવાનું પણ સુચન થયેલુ છે. જૂનાગઢના રસ્તા સબંધે દરેક સભ્યોએ ખુબ જ રજુઆત કરેલી હતી. ગેરકાનુની બાંધકામો અને વોકળા કાઠેના બાંધકામો સબંધે મુખ્ય મંત્રીની સુચનાથી યુધ્ધના ધોરણે પગલા લેવા જોઈએ તેવું જણાઈ રહ્યું છે.

આ રીતે મુખ્ય મંત્રીની મુલાકાત ખુબ જ ફળદાયી રહી અને ખાસ કરીને મુખ્ય મંત્રીને એ વાતનો આનંદથયો કે કોઈ પણ રાજકીય વ્યકિત વગર જૂનાગઢના પ્રશ્નો માટે જૂનાગઢના પાંચ પ્રબુધ નાગરીકો આવીને રજુઆત કરે તે આવકાર દાયક છે અને આથી જ ખુબ જ શાંતી થી મુખ્ય મંત્રીએ અમોને સાંભળેલા હતા અને ટુંક સમયમાં બતચ(એકસન ટેઈકન રીપોર્ટ) રાજય સરકારમાં પહોચી જશે અને ત્યાર બાદ એવું જણાય છે કે ધડાધડ પગલા લેવાનું શરૂ કરાશે. આ રીતે મુખ્યમંત્રીની એક ઉમદા છાપ સાથે અમો જૂનાગઢ પરત ફરેલા હતા. અને સર્વ શહેરી જનોની જાણ માટે આ જાહેર આર્ટીકલ દ્વારા શહેરી જનોને જાણ કરેલી છે અને શહેરી જનોને પણ વિનંતી છે કે જયારે જયારે અનુકુળતા થાય ત્યારે મુખ્ય મંત્રીને શહેરના પ્રશ્નો માટે રજુઆત કરશો. કોઈ પગલા ભરતુ નથી કહેવાનો શું અર્થ તે વાત હવે ભુતકાળ બની ગઈ છે અમે તો જોયુ કે વાસ્તવીક રીતે સંવેદનશીલ સરકાર કામ કરી રહી છે. મુખ્ય મંત્રીને તે દિવસે બપોરના ત્રણ થી સાંજના સાડા છ સુધીની અરજદારોની લાઈન હતી બધાના પ્રશ્નો તપાસી તેમના સચિવને જેતે ડિપાર્ટમેન્ટને મોકલીને યોગ્ય કરવા જણાવતા હતા. મુખ્ય મંત્રીને અમોએ તો એ પણ આમંત્રણ આપ્યું કે રાજકીય રીતે તો આપ અવાર-નવાર જૂનાગઢની મુલાકાત લેતા હશો પરંતુ હવે પછી આવો ત્યારે જૂનાગઢના પ્રબુધ્ધ નાગરીકોને મળવા માટે ઓછામાં ઓછો એક કલાકનો સમય કાઢશો તો અમોને આનંદ થશે અને આ શહેર આપના માટે હંમેશા રૂણી રહેશે, મુખ્ય મંત્રીએ આ માટે સંમતી પણ આપેલી હતી અને કહ્યું હતું કે કયારેક અવસર આવશે ત્યારે ચોકકસ આ પ્રમાણે હું જુનાગઢમાં આવીશ.

- કિરીટ બી. સંઘવી-સંયોજક(વન મેન આર્મી)


## કેશોદના કોલેજ રોડ ઉપર વિજશોક લાગતાં પશુપાલકની ભેંસનુ મૃત્યું



(પ્રતિનિધિ દ્વારા) કેશોદ તા.૭

કેશોદના કોલેજ રોડ ઉપર આવેલા ગંગનાથપરા વિસ્તારમાં બાપા સીતારામ મંદિર પાસે સવારે પશુપાલક રામાભાઈ મુળુભાઈ કોડીયાતર પોતાની ભેંસને ચરાવવા છોડી હતી ત્યારે આ વિસ્તારમાં આવેલા પીજીવીસીએલનાં ટ્રાન્સફોર્મરમાં શોર્ટસર્કીટ થયેલ હોય ભેંસને વિજશોક લાગતાં સ્થળ ઉપર જ મૃત્યું પામી હતી. સ્થાનિક પીજીવીસીએલ કચેરીમાં જાણ કરવામાં આવતાં સલામતી માટે વિજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. કેશોદ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા કેશોદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી કરવામાં આવી હતી. કેશોદના કોલેજ રોડ પર આવેલા ગંગનાથપરા વિસ્તારમાં રહેતા રામાભાઈ મુળુભાઈ કોડીયાતર પશુપાલનનો વ્યવસાય કરતાં હોય અને પરિવારનું ભરણપોષણ કરી રહ્યાં છે ત્યારે વિજશોક લાગતાં અંદાજીત એક લાખ રૂપિયાની કિંમતની ભેંસ મરણ પામી છે અને રોજીંદા દુધ વેંચી ગુજરાન ચલાવતાં હોય પડ્યા ઉપર પાટું સમાન પરિસ્થિતિ બની છે. કેશોદના કોલેજ રોડ ઉપર જે સ્થળે વિજશોક લાગવાની ઘટના બની છે ત્યાં રોડ ઉપર એક સપ્તાહથી વરસાદે વિરામ લીધો હોવા છતાં પાણી વહી રહ્યું છે અને ટ્રાન્સફોર્મર ફરતે સેફટી ગાર્ડ પણ લગાવવામાં આવેલ ન હોય ત્યારે સદનસીબે રવીવારે રજાનાં દિવસે ઘટના બની હતી નહિંતર બાજુમાં આવેલ આંગણવાડીના બાળકો આ પાણીમાં થઈને જતાં હોય મોટી ઘટના બનતાં અટકી હતી. કેશોદના કોલેજ રોડ ઉપર આવેલા ગંગનાથપરા વિસ્તારમાં બાપા સીતારામ મંદિર આસપાસના રહીશો દ્વારા માંગ કરવામાં આવી હતી કે જવાબદાર તંત્ર દ્વારા રોડ ઉંચો કરી પાણીનાં નિકાલની વ્યવસ્થા કરવામાં આવે તો કાયમી ધોરણે ચોમાસામાં ચાર મહિના વહેતાં પાણીમાં પસાર થવું પડે છે એ સમસ્યાનો અંત આવી શકે તેમ છે.

## સુત્રાપાડા ખાતે ફ્રી નિદાન કેમ્પ અને ફ્રી દવાનું આયોજન કરવામાં આવ્યું



(પ્રતિનિધિ દ્વારા) પ્રાચી તા.૭

સુત્રાપાડા ખાતે કોળી સમાજના આંગણે પ્રભાસ હોસ્પિટલ પાટણના પ્રમુખ બસીર ગોહિલની ટીમ દ્વારા ફ્રી નિદાન કેમ્પ અને ફ્રી દવાનું આયોજન કરવામાં આવેલું હતું. આ કાર્યક્રમમાં સુત્રાપાડા તાલુકાના મામલતદાર કરગટિયા, કોળી સેના સુત્રાપાડા ગ્રામ્યના પ્રમુખ દેવેન્દ્રભાઈ સોલંકી તથા કોળી સેના સુત્રાપાડા શહેરના પ્રમુખ સતિષભાઈ વાજા, કોળી સમાજના સુત્રાપાડાના પ્રમુખ મસરીભાઈ જેઠવા, જનતા ગેરેજ સુત્રાપાડાના તમામ સભ્યો, રામભાઈ ચૌહાણ તથા પ્રભાસ હોસ્પિટલના ટ્રસ્ટીઓ તથા ડો.પિનાક વડાલીયા, ડો.પિયુષ સોલંકી, ડો.અતુલ ડોડીયા, ડો.પ્રતિક રવન્ના, પ્રવીણભાઈ રાઠોડ, કેતન રાઠોડ તથા સ્ટાફ હાજર રહ્યા અને સેવા આપી હતી.

## ગીર સોમનાથ એસઓજી ટીમ દ્વારા શંકાસ્પદ વાહન ચેકીંગ દરમ્યાન મહારાષ્ટ્રના યુવાનને દબોચી દીધો

(નીરવ ગઢીયા દ્વારા) ઉના તા.૭

ગીર સોમનાથમાં એ.એસ.પી જીતેન્દ્ર અગ્રવાલના આવવાથી અનેક બુટલેગર અને ચોરી કરનારામાં ભયનો માહોલ ફેલાયો છે. એવામાં એસઓજી ટીમ દ્વારા ગોપાલ મોરી અને મેહુલ સિંહ પરમાર ને બાતમી મળતા મૂળ મહારાષ્ટ્રનો અને હાલ કોડીનાર રહેતો હોવાની હકીકત મળતા એસઓજી બ્રાન્ચએ દબોચી દીધેલ અને કાયદેસર કાર્યવાહી કરેલ હતી.

## સોમનાથ મંદિર ટ્રસ્ટે ગુરૂકુળ સર્કલથી હમીરજી સર્કલ સુધીની સ્ટ્રીટલાઈટોનું નવીનીકરણ કર્યુ

### મંદિર સુધી પહોંચવાના માર્ગો વીજ પ્રકાશથી ઝળહળતા થયા



(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ પાટણ તા.૭

પવિત્ર શ્રાવણ માસ અનુલક્ષી સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. પ્રભાસના ગુરૂકુળ સર્કલથી સોમનાથ મંદિર પાસેના ગુરૂકુળ સર્કલથી સોમનાથ મંદિર પાસેના વીર હમીરજી સર્કલ સુધીના રોડ મધ્યના ડીવાઈડર પોલ ઉપર આવેલી સ્ટ્રીટલાઈટ જે લાંબા સમયથી જીર્ણ અને ભારે વરસાદને કારણે બંધ હતી. તે સોમનાથ ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર દેસાઈ તથા જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ રોડ ડીવાઈડરનું સુપુર્ણ ભુગર્ભ ૧૫૦૦ મીટર ઈલેકટ્રીક વાયરીંગ બદલી નવું વાયરીંગ અને આવી જ રીતે ઈલેકટ્રીક વિભાગના હસ્તક ગીતા મંદિરથી વીર હમીરજી સર્કલ સુધીના વાયરીંગનું નવીનીકરણ કરાય તેવી શકયતા છે. સોમનાથ આવતા લાખો કરોડો યાત્રિકોના અવર જવરનો આ મુખ્ય માર્ગ હોય હવે અંધારા દુર થઈ વીજ પ્રકાશથી ઝળહળતો થયેલ છે.

## પુરૂષોત્તમ માસમાં માંગલિક કાર્ય ન થાય એમ શું દબાણ હટાવ પણ ન થઈ શકે ?

### દ્વારકામાં જગત મંદિર પાસેનાં દબાણો દૂર કરવા બંદોબસ્ત માંગ્યા પછી તંત્ર પાણીમાં બેસી ગયું ?



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૭

યાત્રાધામ દ્વારકામાં જગત મંદિર પાસેનાં દબાણોનાં અહેવાલો મિડીયામાં ચમકયા પછી તંત્ર આખરે(મજબૂરીવશ) કાર્યવાહી કરવા સજ્જ થયું અને પોલીસ વિભાગ પાસે અઠવાડિયા પહેલાં સુરક્ષા બંદોબસ્તની માંગ કરવામાં આવી હતી. પરંતુ આ પછી આ મુદ્દે કાર્યવાહી આગળ ન વધતા ફરીથી તંત્રની ઢીલી નીતીની ચર્ચા થઈ રહી છે. હાલ પુરૂષોત્તમ માસ ચાલી રહ્યો છે અને પુરૂષોત્તમ માસમાં માંગલિક કાર્યો થતા નથી તો તંત્ર શું દબાણ હટાવ કામગીરી કરવામાં પણ શુભમુર્હુતની રાહ જોઈ રહ્યું છે ? એવી ચર્ચા થઈ રહી છે.

દબાણ હટાવની કાર્યવાહી કરવા માટે અઠવાડિયા પહેલાં દ્વારકા નગર પાલિકા દ્વારા પોલીસ બંદોબસ્તની માંગ કરવામાં આવતા દબાણકર્તાની માથાભારે છબી હોવાનું તથ્ય પણ પ્રકાશમાં આવતા તર્ક વિતર્ક વહેતા થયા હતાં. યાત્રાધામ દ્વારકામાં કોરીડોર નિર્માણ સહિતનાં વિકાસકાર્યોનાં પ્રોજેક્ટ હાથ ધરવામાં આવતા જગત મંદિર તરફ જતા દર્શન પથ ઉપર દબાણો કરી સમૃદ્ધી મેળવવા પણ ઘણા લોકો સક્રીય થયા હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે ત્યારે યાત્રાધામનાં વિકાસ માટે તંત્રએ દબાણ હટાવ કાર્યવાહીમાં નિષ્પક્ષ અને કડક કાર્યવાહી કરવી જરૂરી છે. વિરાટ પહોંચ ધરાવતા દબાણકર્તાનાં 'દબાણ' માં તંત્ર યેનકેન પ્રકારે વિલંબ નીતિ અપનાવી મામલો 'ઠંડો' પાડી રહ્યું હોવાની થિયરી પણ નિષ્ણાંતો વ્યક્ત કરી રહ્યા છે.

# ૭૪માં જીલ્લા કક્ષાના વન મહોત્સવની કેશોદમાં થયેલ ઉજવણી

## જૂનાગઢ જીલ્લા પંચાયત અધ્યક્ષ શ્રીમતિ શાંતાબેન ખટારિયાના અધ્યક્ષસ્થાને સમારોહ યોજાયો



જૂનાગઢ, તા.૭

ગ્રીન જૂનાગઢ ક્લીન જૂનાગઢ સુત્ર સાથે જૂનાગઢ જિલ્લાના ૭૪માં જિલ્લા કક્ષાના વન મહોત્સવની કેશોદ ખાતે ઉજવણી યોજાઈ હતી. કેશોદની આદર્શ નિવાસી શાળા ખાતે યોજાયેલ વનમહોત્સવ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ શાંતાબેન ખટારિયાએ અધ્યક્ષીય પ્રવચન આપતા જણાવ્યું હતું કે, આપણા જીવનમાં વૃક્ષો, જંગલોનું અનેરૂ મહત્વ છે. સરકારશ્રી દ્વારા ૧૯૫૦થી આ મહાપર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આપણા ભવિષ્ય માટે આપણે વૃક્ષો વાવીએ અને તેનું જતન કરવા કટીબધ્ધ બનીએ આજના સમયની જરૂરિયાત છે. કેશોદ ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમે જણાવ્યું હતું કે, કોરોના કાળમાં આપણે વૃક્ષો, ઓક્સિજનનું મહત્વ જાણ્યું છે. ત્યારે આપણે સૌ વૃક્ષો વાવવા માટે કટીબધ્ધ બનવા અનુરોધ કર્યો હતો. માંગરોળ ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાએ એ જણાવ્યું હતું કે, વન મહોત્સવને સફળ બનાવવા લોકોનો સાથ, સહકાર ખૂબ જરૂરી છે. કલેક્ટર અનિલ રાણાવસિયાએ આપણા જન્મ દિવસ, પુણ્યતિથિના દિવસે એક ઝાડ વાવવા અને તેનું જતન કરવા કહ્યું હતું. કલાઈમેટ ચેન્જનો આપણે સૌ સામનો કરી રહ્યા છીએ ત્યારે વધુમાં વધુ વૃક્ષો વાવવામાં માં આવે એ જરૂરી છે. દેશભરમાં તા. ૯ થી ૩૧ ઓગસ્ટ દરમિયાન યોજાનાર મારી માટી મારો દેશ અભિયાન અન્વયે થનાર વસુધા વંદન કાર્યક્રમમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.ર જૂનાગઢ વન વર્તુળ મુખ્ય વનસંરક્ષક ડો.કે.રમેશે જણાવ્યું હતું કે, વન મહોત્સવના દીર્ઘદ્રષ્ટા કનૈયાલાલા મુનશી છે. તેમના પ્રયાસોથી દર વર્ષે વન મહોત્સવનું આયોજન થાય છે. તેમણે પ્રકૃતિનું માન જાળવવા અને તેના નિયમોને અનુરૂપ જીવવા જણાવ્યું હતુ. આ તકે સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારિયાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ગીરસોમનાથ સામાજિક વનિકરણ વિભાગ નાયબ વનસંરક્ષકશ્રી અને નોડલ ઓફિસર પ્રશાંત તોમરે કર્યું હતું. મહાનુભાવોના હસ્તે શાળાના પંટાગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ. જેમાં વડ, પ્રાગવડ, બહેડા, પીપળો, ઉમરો, બોરસલી, પારસપીપળો, કાચનાર, કડવો લીમડો, બદામ અર્જુનસાદડ, નગોડ, આસોપાલવ, રાયણ અને કરંજ જેવા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ હતું. જેમાં પાણીની બચત કરી વૃક્ષને જરૂરિયાત મુજબ પાણી મળી રહે તે માટે મટકા પદ્ધતિની નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. તેમજ આ તકે ઓક્સિજન રથનું પ્રસ્થાન પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવેલ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૭૪ માં વન મહોત્સવમાં વન



વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ ૧૦૦૦ રોપાનું વાવેતર અલગ અલગ જગ્યાએ કરવામાં આવેલ હતું. તેમજ સમગ્ર જિલ્લામાં ૧૦ હજાર રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ભુપેન્દ્રભાઈ જોશીએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા રેન્જ ફોરેસ્ટ ઓફિસર જી.પી.સુહાગિયા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર જયશ્રી પટાટ સહિતના વનવિભાગના સ્ટાફે જહેમત ઉઠાવી હતી. આ સમારોહમાં પૂર્વ ધારાસભ્ય હમીરભાઈ ધુળા, કેશોદ નગરપાલિકા પંચાયત પ્રમુખ શ્રીમતી લાભુબેન પીપળીયા,કેશોદના પ્રાંત અધિકારી ગરચર, ડીવાયએસપી ઠક્કર, આદર્શ નિવાસી શાળાના આચાર્ય, સ્ટાફ અને વિદ્યાર્થીઓ તેમજ વન વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની આભાર વિધિ કેશોદ રેન્જના આરએફઓ શ્રી દર્શના કાગડાએ કરી હતી.

### વીજચોરો સામે તંત્રની લાલ આંખ

# વંથલી,માણાવદર અને મેંદરડા તાલુકાના ગામડાઓમાં પીજીવીસીએલના વ્યાપક દરોડા

## જૂનાગઢ જીલ્લામાં ત્રાટકેલી ટીમોએ લાખોની વીજચોરી પકડી

જૂનાગઢ, તા.૭

પીજીવીસીએલને કરોડોનો ચૂનો લગાવતા વીજચોરો સામે વીજતંત્રે હવે લાલ આંખ કરી છે અને વિવિધ વર્તુળ કચેરીઓના અધિક્ષક ઈજનેરો તેમજ વિભાગીય કચેરીઓના કાર્યપાલક ઈજનેરોની સીધી દેખરેખ હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારો-જિલ્લાઓમાં ઈજનેરોની સંખ્યાબંધ ટુકડીઓ દ્વારા સામૂહિક વીજચેકિંગ ડ્રાઈવનું આયોજન કરીને આવા તત્વોને સબક શીખવવામાં આવે છે. તા.૫-૮-૨૦૨૩ના રોજ આવી જ ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને જૂનાગઢ જિલ્લાની ગ્રામ્ય વિભાગીય કચેરી-૨ હેઠળની વંથલી, માણાવદર-૧,માણાવદર-૨, શાપુર, અને મેંદરડા ગ્રામ્યપેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા અન્ય સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૩૫ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૭૩૧જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૯૭ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૨૦.૭૨લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. આ રીતે તા. ૩૧.૭.૨૦૨૩થી તા.૫-૮-૨૦૨૩ના સપ્તાહ મા ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને જુનાગઢતેમજ ગીર સોમનાથ જિલ્લાના વિસાવદર, ભેસાણ, જૂનાગઢ, વંથલી, માણાવદર, મેંદરડા, વેરાવળ, સુત્રાપાડા અને તાલાળા હેઠળની પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા અન્ય સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમિયાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૨૪૨૮ જેટલા વીજ જોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૪૧૭ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૯૦.૮૧લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા.નોંધનીય છે કે એપ્રિલ-૨૩ થી જુલાઈ-૨૩ના સમયગાળા દરમ્યાન જૂનાગઢ વર્તુળ કચેરી હેઠળ કુલ ૪૮૮૪ વીજજોડાણો ચકાસવામાં આવ્યાં છે, જેમાંથી કુલ૧૮૮૭ વીજજોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂા. ૪૯૨.૫૬ લાખની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે.

# નર્સરી ઉછેર– પ્લાન્ટેશન , રેસ્ક્યુ, લોકજાગૃતી સહિતની ઉમદા કામગીરી કરનાર કર્મયોગીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા

જૂનાગઢ, તા.૭

૭૪માં જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી પ્રસંગે જૂનાગઢ સબ ડિવીઝનમાં ઉમદા કામગીરી કરનાર કર્મયોગીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી બીરદાવવામાં આવ્યા હતા. જેમાં કેશોદ રેન્જના વનપાલ એચ.એલ.ભરડા , માણાવદર રેન્જના વનપાલ આર.કે.રાઠોડ, માણાવદરબ્ રેન્જના વનપાલ એ.બી.રાઠોડ, માંગરોળ રેન્જના વનરક્ષક રાજેશકુમાર મનસુખભાઈ મોકરીયા, માણાવદર રેન્જના વનરક્ષક કુ.આર.એ.બેરા, માંગરોળ



રેન્જના શ્રમયોગી ગીજુભાઈ નારણભાઈ વાઘેલા, કેશોદ રેન્જના શ્રમયોગી અરશીભાઈ વાજા, મેંદરડા રેન્જના શ્રમયોગી કાંતિભાઈ બગડા, વિસાવદર રેન્જના શ્રમયોગી એમ.એસ.વિકમાનું મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું હતું.

# રાજકોટ : ભારતીય જનતા પાર્ટીનાં ૧ હજાર કાર્યકર્તાઓને ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ દ્વારા વીમા કવચ અર્પણ

(પ્રતિનિધિ દ્વારા)




રાજકોટ, તા.૭

ભારતીય જનતા પાર્ટીના કાર્યક્રમોને સફળ બનાવવા માટે પરીશ્રમની પરાકાષ્ઠા સર્જતા સંગઠનના પ્રાણસમાન હજારથી વધુ કાર્યકર્તાઓને રૂા.૫ લાખનું પ્રીમીયમ ભરી ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ દ્વારા રૂા.૧૦ લાખના વીમાકવચની ભેટ અર્પણ કરાઈ હતી. જનસેવા કાર્યાલય ખાતે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડના કોઠારી સ્વામી બ્રહમતીર્થ સ્વામી, પ્રચંદર્શનસ્વામી, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, ટપુભાઈ લીંબાસીયા, વલ્લભભાઈ દુધાત્રા સહીતનાએ મુલાકાત લઈ સેવાકીય કામગીરીની સરાહના કરી હતી.



તું સ્કુલમાં પણ નિયમિત હાજરી નહોતો આપતો ને હવે લોકસભામાં પણ સૌથી વધુ ગેરહાજર રહે છે !



તમે વર્ગમાં વિદ્યાર્થીઓની હાજરી લો છો તેમ મારે પણ ઘરમાં તમારી હાજરીની નોંધ લેવી પડે ને ?

# શિકાગોમાં ગુજરાતી હાસ્ય કલાકારનો ધોધમાર હાસ્ય વરસાદ : મોટી સંખ્યામાં ગુજરાતી રસીકોની ઉપસ્થિતિ

## કલાકાર ડો. જગદીશ ત્રિવેદી ગુજરાતમાં કરશે રૂા. ત્રણ કરોડથી વધુનું અનુદાન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

ગુજરાતના પ્રથમ હરોળના હાસ્ય કલાકાર ડો. જગદીશ ત્રિવેદી છેલ્લા કેટલાક માસથી અમેરિકા, કેનેડા સહિતના વિદેશ પ્રવાસે છે. ત્યારે તેમના દ્વારા હાસ્ય તથા કલા કાર્યક્રમો રજૂ કરી અને નોંધપાત્ર રકમ એકત્ર કરવામાં આવે છે. જે તમામ રકમ ગુજરાતની જુદી જુદી સેવા સંસ્થાઓ, હોસ્પિટલોમાં અર્પણ કરવામાં આવે છે. અમેરિકાના શિકાગો શહેરમાં આવેલા ઈટાસ્કા ખાતે સ્થિત કાલુપુર તાબેના શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શુક્રવારે જાણીતા હાસ્ય કલાકાર ડો. જગદીશ ત્રિવેદી સાથેનો દિવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ મંદિર અમેરિકાનું સૌપ્રથમ શિખરબદ્ધ મંદિર છે. આ મંદિરના રજત જયંતિ પાટોત્સવ પ્રસંગે ભારતથી ખાસ પૂજ્ય આચાર્ય મહારાજ કૌશલેન્દ્રપ્રસાદજી અને પૂજ્ય ગાદીવાળા પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમની ખાસ ઉપસ્થિતિમાં સંતોના આશીર્વાદ બાદ ગતરાત્રે ડો. જગદીશ ત્રિવેદી દ્વારા સત્સંગ અને હાસ્યરસનો ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો હતો. જેમાં મોટી સંખ્યામાં સત્સંગીઓથી ખીચોખીચ ભરેલા સભાગૃહમાં લોકોએ ભારતમાતાના જય જય કાર સાથે



મધરાત્રે રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો. આ પ્રસંગે ડો. જગદીશ ત્રિવેદી દંપતીને ખાસ સન્માનિત પણ કરવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક રાજકીય આગેવાનો, ભારતીય મૂળના નાગરિકો, ગાયકો તથા કવિયિત્રી વિવિધ સમાજના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જગદીશ ત્રિવેદીની ટૂરનો આ ૩૨ મો કાર્યક્રમ હતો. તેમજ હજુ અન્ય ૧૩ જેટલા કાર્યક્રમો પણ યોજવામાં આવનાર છે. આ તમામ ૪૫ જેટલા કાર્યક્રમો મારફતે તેમના દ્વારા એકત્ર થતું આશરે રૂપિયા ત્રણ કરોડથી વધુનું ભંડોળ ગુજરાતી શિક્ષણ તેમજ આરોગ્ય ક્ષેત્રમાં અર્પણ કરવામાં આવશે.

# રાજકોટથી દિલ્હી, મુંબઈ કનેકટીવીટી વધારવા ઉડ્ડયન મંત્રીને રજુઆત



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

દિલ્હી ખાતે સાંસદ રાજેશ ચુડાસમા, એમપી રામભાઈ મોકરીયા, એમપી મોહનભાઈ કુંદડારીયા અને એમપી નરેન્દ્રભાઈ કાછડીયા સાથે કેન્દ્રિય ઉડ્ડયન મંત્રી જયોતીરાદીત્ય સિંધીયાને મળ્યા હતા. સૌપ્રથમ તો રાજકોટ(હીરાસર) એરપોર્ટ ચાલુ કરવા માટે એમનો આભાર માન્યો હતો. આ ઉપરાંત રાજકોથી દિલ્હી તથા મુંબઈ માટે કનેકટીવીટી વધારવા માટે તથા કેશોદ અને રાજકોટ એરપોર્ટ ઉપર સાસણ ગીર અને સોમનાથ મંદિર જેવા પ્રવાસન સ્થળ ઉપર આવતા પ્રવાસીઓ માટે કનેકટીવીટી વધારવા ભલામણ કરી હતી. મંત્રી સિંધિયાજીએ આ દિશામાં બહુ જલદી યોગ્ય પગલાં લઈશું એવી અમને ખાત્રી આપી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક


# હવે ભૂલથી પણ દરિયાઈ સીમા ઓળંગાઈ અને પાકિસ્તાનમાં પહોંચી ગયા તો ભરાઈ જશો

## તંત્રી લેખ

## સમાન નાગરિકતાનાં મુદ્દે વાતોનાં વડા થાય છે

હકીકતમાં તમામ હિંદુવાદી મુદાઓ સત્તારૂઢ ભારતીય જનતા પક્ષના સંકલ્પપત્ર કે વચનનામામાં સામેલ હોય જ છે. છેક ૧૯૬૭થી જનસંઘના ચૂંટણી ઢંઢેરામાં સામેલ સમાન નાગરિક સંહિતાનો મુદ્દો ગમે ત્યારે ચૂંટણી આવવાની હોય ત્યારે ઉછાળવામાં આવે છે. હમણાં વિદેશ યાત્રાઓથી પાછા ફરીને ભોપાલમાં ચૂંટણી મોડમાં આવી ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમાન નાગરિક સંહિતાને સમગ્ર દેશમાં લાગુ કરવાની વાત છેડી. સંસદના ચોમાસું સત્રમાં જ એને કાયદાકીય સ્વરૂપ આપી દેવાશે એવી વાતો પણ સત્તામોરચા તરફથી વહેતી કરાઈ.જોકે મામલો બૂમરેંગ થાય એવા સંજોગો અનુભવાતાં ફરી એકવાર એ મુદ્દો હાલ પૂરતો તો શાંત પડયો. કાયદા પંચે અભિપ્રાયો મંગાવવાની મુદત વધારી છે. સત્તા મોરચાના ઘટકપક્ષોના ઈશાન ભારતનાં રાજ્યોના મુખ્યમંત્રીઓ જ એની સામે વિરોધ નોંધાવવા આગળ આવ્યા. આદિવાસી સમાજ પણ દેશભરમાં વિરોધ સભાઓ કરવા માંડયો. મુસ્લિમો સામે તીર તાકવાનું હતું અને મામલો ચૂંટણીમાં નુકસાન કરે એવા સંજોગો નિર્માણ થાય એટલે એની ચર્ચા ચાલુ રાખીને હાલપૂરતું અમલની માંડવાળ કરી. જોકે દાયકાઓથી વાતોનાં વડાં થાય છે પરંતુ એનો મુસદ્દો હજુ તૈયાર થયો જ નથી. થોડા વખત પહેલાં દેશના મુખ્ય ન્યાયાધીશ રહેલા શરદ અરવિંદ બોબડેએ ગોવાના સમાન નાગરિક સંહિતા (યુનિફોર્મ સિવિલ કોડ)નાં વખાણ કરીને દેશભરમાં ચર્ચા જગાવી. હજુ વર્ષ ૨૦૧૮માં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નિયુક્ત કરેલા કાયદા પંચના અહેવાલમાં જણાવાયું છે કે સમાન નાગરિક સંહિતાનો અમલ યોગ્ય પણ નથી અને થઈ શકે તેમ પણ નથી. જોકે આ ચર્ચા ચાલતી રહી છે. ગોવાના કોંગ્રેસી નેતા રમાકાંત ખલપ જયારે કેન્દ્ર સરકારમાં કાયદા પ્રધાન હતા ત્યારે તેઓ પણ ગાઈવગાડીને સમાન નાગરિક સંહિતાનો અમલ કરવાની તરફેણ કરતા હતા. હકીકતમાં નિવૃત્ત ન્યાયાધીશ બોબડેની વાત વર્તમાન શાસકોના એજન્ડાને અનુરૂપ હોવા છતાં ગોવામાં જે સમાન નાગરિક સંહિતા તમામ ધર્મના નાગરિકો માટે અમલી છે એ વિશે રાષ્ટ્રીયસ્તરે વિવાદવંટોળ ઉઠવો સ્વાભાવિક છે. માત્ર મુસ્લિમોને જ કેન્દ્રમાં રાખીને સમાન નાગરિક સંહિતાની વાત થાય છે એવો માહોલ સર્જાઈ રહ્યો છે. ગોવામાં પોર્ટુગીઝ શાસન હતું ત્યારથી ત્યાં પોર્ટુગીઝ સિવિલ કોડ,૧૮૬૭ અમલમાં રહ્યો છે. તમામ ધર્મી ગોવાના નાગરિકો માટે એમાં આઝાદી પછી પણ ઝાઝા ફેરફાર કરાયા નથી. જોકે બધાને સમાન કાયદા જ લાગુ પડે છે એવું સાવ જ નથી, છતાં મહદઅંશે મુસ્લિમો સહિત તમામ ધર્મીઓને લગ્નની નોંધણી, સંપત્તિમાં પતિ-પત્નીનો સમાન અધિકાર, બાળકોને સંપત્તિમાંથી બેદખલ કરવા પર પ્રતિબંધ સહિતની જોગવાઈઓ તમામ માટે અમલી છે. સત્તામાં મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટી હોય, કોંગ્રેસ હોય કે ભાજપ,કોઈ પણ પક્ષની સરકારે અહીંની કાનૂની પ્રક્રિયાને સંકુચિત કરવાનો પ્રયાસ કર્યો નથી. આનંદપ્રમોદની સંસ્કૃતિ સાથે છેડછાડ કરવાની કોશિશ કરી નથી.એટલે જ આજે ગોવા દુનિયાભરના પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર છે.

## અમદાવાદમાં ૧૨ ઓગસ્ટથી હેલિકોપ્ટર જોયરાઈડ શરૂ થશે



અમદાવાદ,તા.૦૭

એરોટ્રાન્સ રિવરફ્રન્ટ વોટર એરોડ્રોમથી મચ અવેટેડ હેલિકોપ્ટર જોયરાઈડ્સ અમદાવાદમાં ટૂંક સમયમાં ફરી શરૂ થશે. ગુજરાત સરકાર સાથેના કરાર હેઠળ ૧૨ ઓગસ્ટ ૨૦૨૩ થી રાઈડ્સ શરૂ થશે. અમદાવાદમાં જોયરાઈડ્સની મજા તમે દર શનિવાર અને રવિવાર અને ચોક્કસ જાહેર રજાઓ પર માણી શકશો. દરરોજ ૭૫ મુસાફરોને આ મુસાફરીની મજા માણશે. આ જોયરાઈડનો અંદાજિત સમય ૧૦ મિનિટનો છે. આ જોયરાઈડનું ભાડું ૨,૪૭૮ પ્રતિ પ્રવાસી પ્રતિ રાઈડ છે. આ જોયરાઈડ માટેનું સમયપત્રક અને ઓનલાઈન બુકિંગની માહિતી એરોટ્રાન્સની વેબસાઈટ પર મળી રહેશે. હેલિકોપ્ટર જોયરાઈડ્સની સવારી કરતી વખતે આરોગ્ય અને ફ્લાઈટ સલામતીને સર્વોચ્ચ રાખવામાં આવશે. અત્યાર સુધીમાં ૭,૫૦૦ લોકોએ જોયરાઈડની મજા માણી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

શારીરિક શક્તિથી સંપન્ન પુરૂષ કરતા નીતિવાન પુરૂષ વધારે શ્રેષ્ઠ છે.

- સુક્તિ મુક્તાવલી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ વદ-૭, તા.૭ ઓગષ્ટ ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૧૯, અશ્વિની નક્ષત્ર, શૂળ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૨૪, સૂ.અ.૭:૨૯
આજનો દિવસ સાધારણ છે.
આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## પાકિસ્તાન હવે માછીમારોને જેલમાં પાંચ વર્ષ સુધી ગોંધી રાખશે

અમદાવાદ,તા.૦૭

ગુજરાતના માછીમારો સાવધાન! માછીમારી કરતી વખતે જો હવે ભૂલથી પણ દરિયાઈ સીમા ઓળંગાઈ અને પાકિસ્તાનમાં પહોંચી ગયા તો ભરાઈ જશો. અવળચંડા પાકિસ્તાને હવે માછીમારેને પ્રતાડિત કરવા નવો કાયદો બનાવ્યો છે. હવે જો તમે ભૂલથી પણ પાકિસ્તાનની દરિયાઈ સીમામાં પહોંચી ગયા તો એ લોકો તમને પાકિસ્તાનની જેલમાં પાંચ વર્ષ સુધી ગોંધી રાખશે. હાલ પાકિસ્તાનમાં ત્રણ વર્ષની સજાની જોગવાઈ છે. જેમાં બદલાવ થઈ રહ્યો છે. ગુજરાતના માછીમારો માટે વધુ સતર્ક રહેવાનો સમય આવી ગયો છે, કેમ કે તે જો તેમને ગુજરાત પાકિસ્તાનની જળ સરહદમાં પ્રવેશ કરશે તો તેમને પાંચ વર્ષની જેલની સજા થશે. એટલું જ નહીં તેમની હોડી પણ જપ્ત કરી લેવામાં આવશે. એટલેકે, ગુજરાતના માછીમારોને સમુદ્રમાં સલામત સ્થળ સુધી જ જવાનું રહેશે. પાકિસ્તાન મેરીટાઈમ ઝોન પોતે જ ગેરકાયદેસર ફિશિંગઝોનમાં આવી જઈને અપહરણ કરતી હોય છે. ઉલ્લેખનીય છેકે, હાલમાં પાકિસ્તાનમાં આશરે ૧૨૦૦ જેટલી ભારતીય બોટ છે. જેમાં ૯૫૦ જેટલી બોટ પોરબંદરની છે. હાલ પાકિસ્તાની જેલમાં ૨૬૭ ભારતીય માછીમારો કેદ છે. નોંધનીય છે કે જખૌ તરફથી આપવામાં આવેલા આઈએમબીએલ નજીક ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ આંતરરાષ્ટ્રીય સરહદ આવેલી નથી. તે માત્ર નો-ફિશીંગ ઝોન છે તેમ છતાં જાગૃત્તિના અભાવે માછીમારો અજાણતાથી આઈએમબીએલ પાર કરે છે અને પાકિસ્તાન મરીન સિક્યોરિટી તેમને પકડી લે છે.

## સ્ટેટ ફ્રીડમ સ્ટ્રગલ મ્યુઝિયમની અંદર છે હાઈટેક ગેલેરી

નવી દિલ્હી, તા.૭

જો તમારે ક્રાંતિનો ઈતિહાસ જાણવો હોય. જે હજુ અજાણ છે તેથી આવા તમામ યુવાનો માટે વધુ સારી તક છે. તેઓ મેરઠ સ્થિત સરકારી સ્વતંત્રતા સંગ્રામ મ્યુઝિયમની મુલાકાત લઈ શકે છે. જ્યાં તમને ક્રાંતિના દરેક પાસાઓનો ઈતિહાસ જોવા મળશે. મેરઠમાં ક્રાંતિકારીને શ્રદ્ધાંજલિ આપવા માટે અમર જવાન જ્યોતિ પણ પ્રગટાવવામાં આવી છે. જેનું સંચાલન ગેઈલ ગેસ દ્વારા કરવામાં આવે છે. આ અમર જવાન જ્યોતિ તે બહાદુર જવાનોને દિવસ-રાત સલામ કરે છે, જેમણે દેશની આઝાદી માટે અને દેશની રક્ષા માટે પણ પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. તમે પણ જઈને ક્રાંતિકારી વીરોને નમન કરી શકો છો. તમે સ્ટેટ ફ્રીડમ સ્ટ્રગલ મ્યુઝિયમ પરિસરમાં અશોક સ્તંભ જોશો. જેની ઊંચાઈ આકાશને સ્પર્શતી જોવા મળે છે. અશોક સ્તંભની નીચે તમને તે ૮૫ સૈનિકોના નામ સિલાવત પર લખેલા જોવા મળશે. જેમણે પ્રથમ સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ફ્રીડમ ફાઈટર્સ મ્યુઝિયમમાં હાઈ-ટેક ગેલેરીમાં પ્રવેશતાની સાથે જ તમને દરવાજા પર ભારતના નકશા પર વિવિધ રાજ્યો અને શહેરોના નામ જોવા મળશે. જ્યાં ક્રાંતિને લઈને વિવિધ જ્વાળાઓ ઉભી થઈ હતી. જેના કારણે આજે આપણે આઝાદીનો શ્વાસ લઈ રહ્યા છીએ. મ્યુઝિયમમાં બનેલી હાઈટેક ગેલેરીમાં તમને સંકલ્પ નામની ગેલેરી પણ જોવા મળશે. જેમાં ક્રાંતિકારી શહીદ મંગલ પાંડેની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ સાથે, તમને આવી વિવિધ ઘટનાઓનું નિરૂપણ પણ જોવા મળશે. જે સ્વતંત્રતા સાથે સંબંધિત છે. સ્ટેટ ફ્રીડમ સ્ટ્રગલ મ્યુઝિયમના પરિસરમાં મેરઠના ઈતિહાસની એક ગેલેરી બનાવવામાં આવી છે. જેમાં મેરઠની આસપાસના ગામોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે ક્યાંક ઈતિહાસના પાનામાં જોવા ન મળ્યો. આ ગેલેરીમાં વિવિધ ઈતિહાસકારો દ્વારા જણાવવામાં આવેલી હકીકતો તપાસ્યા બાદ તેમાં ચિત્ર અને ચિત્ર કોતરવામાં આવ્યું છે.

અધિક માસનું કથામૃત
- કનકચંદ્ર સી. વ્યાસ



## મહાન સન્નારી મૈત્રેયી

મહાન ઋષિ યાજ્ઞવલ્કયને બે પત્ની હતી. તેમનું નામ મૈત્રેયી અને કાત્યાયની. યાજ્ઞવલ્કય પોતાની પાછલી‘‘અવસ્થામાં સન્યાસી થવા તૈયાર થયા. તે વખતે તેમણે પોતાની બન્ને પત્નીઓને પાસે બોલાવી અને સર્વ હકીકત કહી‘‘સંભળાવીકઅને પોતાની બધી જ મિલ્કતના બે ભાગ પાડીને બન્ને પત્નીઓને સોંપી દીધી. ત્યારે કાતયાયનીએ પોતાનો‘‘ભાગ લઈ લીધો પરંતુ મૈત્રેયીએ વિચાર કર્યો કે જીવનભરની મહેનત બાદ એકઠી કરેલી આ સંપત્તિને પળવારમાં તેનો મોહ‘‘છોડી દઈ અને મારા પતિદેવ જંગલમાં જઈ રહ્યાં છે ત્યારે તેનાથી પણ વધારે કિંમતી ચીજ તે જંગલ સંબધી હોવી જોઈએ.‘‘માટે ભાગમાં આવેલી આ સંપત્તિનો પોતાનો ભાગ ન લીધો.‘‘પછી મૈત્રેયીએ પતિ યાજ્ઞવલ્કયને પૂછ્‌યું, ‘‘હે નાથ, તમે સઘળી સંપત્તિનો ત્યાગ કરી અને અમને પણ છોડી જઈ‘‘રહ્યાં છો તેનું રહસ્ય શું છે ?’’‘‘ઋષિ યાજ્ઞવલ્કયે જવાબ આપ્યો, ‘‘મારે અમર જીવન મેળવવું છે જે આ નશ્વર સંપત્તિથી કદાપી પ્રાપ્ત થતું નથી‘‘એ તો સન્યસ્ત ગ્રહણ કરવાથી જ પ્રાપ્ત થાય છે.’’‘‘એમ પતિનો પ્રત્યુત્તર સાંભળી અને મૈત્રેયીએ કહ્યું, ‘‘જો આ સંપતિ વડે અમરત્વ પ્રાપ્ત ન થતું હોય તો, મને પણ‘‘આ સંપતિમાં જરા પણ રસ નથી. મને તો તમે અમર થવાનો માર્ગ બતાવો. હું આ સંપતિનો તે માટે જ ત્યાગ કરું છું !’’‘‘મૈત્રેયીનો ત્યાગ જોઈ અને યાજ્ઞવલ્કય ગદ્‌ગદ્દીત થઈ ગયા. તેમણે મૈત્રેયીને સંબોધીને કહ્યું, ‘‘તારો ત્યાગ મહાન‘‘છે. તું ત્યાગી છો એટલે તને હું અમરત્વનો ગુપ્ત રહસ્ય સમાજાઉં છું. જે તું એક ધ્યાનથી સાંભળ જે પછી તે પર ઉંડો વિચાર‘‘કરજે.’’‘‘મૈત્રેયી દેવીએ કહ્યું, ‘‘આપશ્રીના વચનો હું અવશ્ય સાંભળીશ અને તેના ઉપર પુરતું મનન કરીશ.’’‘‘યાજ્ઞવલ્કય ઋષિ કહેવા લાગ્યા, ‘‘દરેક સ્ત્રીને માટે પતિ વાહલો હોય છે. તે ખરેખર પતિને ખાતર નથી હોતો‘‘પરંતુ તે ખરેખર પોતાને માટે જ હોય છે. તેવું જ સંપતિનું છે સંપતિ આપણા પોતાના સ્વાર્થ માટે જ વહાલી લાગ છે.‘‘આમ, બધી જ વ્યક્તિ કે વસ્તુઓ પોતાના સ્વાર્થ માટે જ વહાલી લાગે છે.’’‘‘મૈત્રેયી દેવીએ પૂછ્‌યું, ‘‘એ ઉપરથી એવું સાબિત થાય છે ને કે, જ્યાં સુધી આત્મા છે ત્યાં સુધી બધું જ વહાલું લાગે‘‘છે. પરંતુ આત્મા વિના કશું જ નથી એટલે આ બધી જીવતાની જ માયા છે ?’’‘‘યાજ્ઞવલ્કય ઋષિ બોલ્યા, ‘‘ના, સાવ એવું ય નથી ! વહાલું હોય તેમ ત્યાર પછી અળખામણું થઈ જાય તેવું‘‘નથી.’’‘‘મૈત્રેયી દેવીએ કહ્યું, ‘‘તમારી વાત મને પૂરેપૂરી સમજાતી નથી માટે તમે તે વાતને વધુ સ્પષ્ટ રીતે સમજાવો તો વધુ‘‘સારું રહેશે.’’‘‘‘‘હું એમ કહેવા માંગુ છું કે, દરેક વસ્તુ તેના બહારના નામ, સગપણ રૂપ માત્રથી પ્રિય નથી લાગતી. આપણો‘‘આત્મા જે જુએ છે તે વસ્તુ રૂપે દેખાતી કોઈપણ વસ્તુ વાસ્તવીક વસ્તુરૂપ નથી પરંતુ આત્મા સ્વરૂપ છે. આપણા આત્માને‘‘એ વસ્તુ એટલે કે એ વસ્તુ સ્વરૂપે ભાસતો આત્મા એ એક જ છે. તેમાં ભેદ જેવું કાંઈ નથી. જેમ જેમ આપણને આપણા‘‘શરીરનો એક એક ભાગ પ્રિય લાગે છે પરંતુ આપણે ક્યારેય પણ એમ નથી વિચારતા કે હાથ નહીં હોય તો ચાલશે ? કે‘‘માથું નહીં હોય તો ચાલશે ? તેમ આ જગતમાં જે જે વસ્તુઓ ઉપર પ્રેમ હોય તેનો અને આપણો આત્મા એક જ છે તેમ‘‘સમજવું જોઈએ.’’ ઋષિ યાજ્ઞવલ્કયએ કહ્યું.‘‘આ સાંભળી અને મૈત્રેયી દેવી પૂછે છે કે, ‘‘તો પછી આ બધીય નોખી નોખી ચીજો છે જ શા માટે ? તો આ‘‘જગતમાં માતા-પિતા, પુત્ર-પુત્રી, પતિ-પત્ની એવા ભેદ પણ શા માટે છે ?’’‘‘યાજ્ઞવલ્કયજીએ જવાબ આપ્યો, ‘‘એ ભેદ જ ખૂબ ઉપયોગી છે અને અભેદ છે તે માટે જ તે અભેદ પણ છે. સર્વત્ર‘‘એક જ આત્માનો અનુભવ આવે છે અને તેના સિવાય તે અનુભવ કદાપિ ન આવે.’’‘‘‘‘તો તમે મને હવે એ વાત સમજાવો કે મારું કર્તવ્ય શું છે ? તે જાણવા મારું મન અધિરૂં થઈ રહ્યું છે.’’ મૈત્રેયી‘‘બોલ્યા.‘‘‘‘જુઓ તમે, આ જે આત્મા છે તેને એક જ ભેદ તરફ દુર્લક્ષ્ય કરી અને પછી જૂઓ. તમારે તેનું જ ધ્યાન કરવું,‘‘તેના વિશે જ સાંભળવું અને તેનો જ વિચાર કરતા રહેવું.’’ યાજ્ઞવલ્કય બોલ્યા.‘‘તેનો જવાબ મૈત્રેયી આપે છે કે, ‘‘મને તો આ સંપૂર્ણ જગત મારાથી સાવ અળગું હોય તેવું દેખાય છે. યાજ્ઞવલ્કય બોલ્યા, ‘‘ના, એવું નથી એ જ તો તારું અજ્ઞાન છે. જે વ્યક્તિ પોતાનાથી આ જગતને અળગું માને‘‘તેનાથી જગત પણ અળગું રહે છે. જે વ્યક્તિ દેવતાઓને, પ્રાણીમાત્રને પોતાનાથી અળગાં જૂએ તેનાથી તે ખરેખર અળગાં‘‘જ રહી જાય છે. પરંતુ જ્યારે સર્વત્ર એક જ આત્માને જોનારા મનુષ્યો સર્વ પોતે જ છે અને પોતાના વિશે તો બીજું કશું જ‘‘નથી એવો અનુભવ કરે છે. તેને તો કોઈપણ પ્રકારનો ભય કે શોક રહેતો નથી. એટલું જ નહીં તેને તો જન્મ કે મરણનો‘‘ભય પણ રહેવા પામતો નથી. તારા કે મારાથી માંડી આ જગતના દરેક જીવો કે જેમાં જીવ-જંતુ-કીટકો આદીનો સમાવેશ‘‘થાય છે તેનો આત્મા એક જ છે. તું એમ સમજી અને તે ગર્વનો અનુભવ લે.’’‘‘મૈત્રેયી પૂછે છે કે, ‘‘જે મનુષ્યને આ ઉત્તમ અનુભવ થાય છે તે મનુષ્યની સ્થિતિ કેવી હોય છે ? એ જો આપ‘‘સમજાવી શકો તો મને વિશેષ આનંદ થશે.‘‘જેમ, શંખ વગાળનારનું મન શંખના અવાજમાં ગુથં ાયેલું હોય છે તેને આજુબાજુના બીજા કોઈ જ અવાજ સંભળાતા‘‘જ નથી તેવી જ રીતે બધે જ આત્માનો જે અનુભવ કરે છે તેને આત્મા સિવાય બીજું કંઈ જ દેખાતું નથી તે બ્રહ્મમાનંદનો‘‘અનુભવ કરે છે.‘‘જે પ્રમાણે સળગતા ચૂલામાં જો લીલું લાકડું મૂકવામાં આવે તો પ્રથમ તો અગ્નિદેવ અને ધુમાડો સાવ અલગ જ‘‘દેખાય છે અને ધુમાડો દેખાતો નથી તેમ જ્યારે ભેદ દ્રષ્ટિ ટળી જાય ત્યારે અક જ આત્મા સિવાય બીજું કંઈ જ દેખાતું નથી.‘‘જેમ મીઠું લઈએ તો તેનો ગાંગળો ઉપરથી ખારો હોય છે. ખારાશને અંદર કે બહારનો જરા પણ ભેદ નથી. તેનો‘‘બધે જ એક પ્રકારનો સ્વાદ હોય છે. તેમ સર્વત્ર તું આત્મા જ છે તને તારાથી જે કંઈ પણ જુદું દેખાય છે તે તારી કલ્પનાને‘‘લીધે જ છે એ કલ્પના કરવાનું તું છોડી દે એટલે સદ-ચિત અને આનંદ સ્વરૂપ ઈશ્વર તું જ છે એવો તને અનુભવ થશે.’’ એ‘‘પ્રમાણે યજ્ઞવાલ્કયએ સમજાવ્યું ત્યારે મૈત્રેયી દેવી બોલ્યા, ‘‘તમે કહો છો તેવો અનુભવ મેળવવા માટે હું ક્યારે ભાગ્યશાળી‘‘થઈશ ?’’‘‘ત્યારે યાજ્ઞવાલ્કય ઋષિ મંદમંદ સ્મીત સાથે બોલ્યા, ‘‘મૈત્રેયી તું મારા વચનોમાં સાચી શ્રધ્ધા રાખી અને જીવવાનું‘‘શરૂ કર તને જીવનમુક્ત દશાનો અનુભવ થશે અને પછી પ્રારબ્ધ અનુસાર તારું આયુષ્ય પુરું થતાં તારું શરીર વિલીન થતાં‘‘તું પરબ્રહ્મ સ્વરૂપમાં સદાયને માટે મળી અને અમર બની જઈશ.’’‘‘આ પ્રમાણે જ્ઞાનની પ્રાપ્તિ થતાં મૈત્રેયી દેવીને ખૂબ જ આનંદ થયો અને તેમણે પોતાના પ્રિય એવા પતિદેવ‘‘યાજ્ઞવાલ્કયને સન્યાસ ગ્રહણ કરવાની રજા આપી. આવા વિરલ વ્યક્તિત્વને શતશત પ્રણામ....

‘‘આજનું ભજન’’
થોડામાંથી થોડું આપો ખૂટ્યું નહીં ખૂટનાર
‘‘ધરમ કરો ધરણીધર ભરી દેશે ભંડાર
‘‘પાપ જશે ભાઈ પૂણ્ય કરેથી
‘‘આધી-વ્યાધી ટળે દાન દીધેથી
‘‘આપ્યું કોઈનું વૃથા ન જાય
‘‘બદલો દે ભગવાન ધરમ...
‘‘ભૂખ્યાને ભોજન તરસ્યાને પાણી
‘‘અતિથિને માન આપો બોલી મીઠી વાણી
‘‘આંતરડી ઠારે તો કોઈની‘‘ઠારે રણછોડરાય ધરમ....
‘‘ચાડી ચુગલીને નિંદા ન કરશો
‘‘મનદુ:ખ થાય તેવી હાંસી ન કરશો
‘‘દીનદુ:ખીયાને વારે ચડો
‘‘તો થાશે બેડો પાર ધરમ...
‘‘ચંદુ કહે સ્મરમ કરી લ્યોને ભાઈ
‘‘હરિહર સાથે થાશે પ્રેમ સગાઈ
‘‘હરિ પકડશે હાથ જો તારો‘‘જગતનો તારણ હાર ધરમ

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૭-૮-૨૦૨૩ થી ૧૩-૮-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**
આ સપ્તાહ દરમિયાન ધાર્મિક તેમજ માંગલિક પ્રસંગોનું આયોજન થાય. મોજ-શોખ પાછળ ખર્ચ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિવર્તનના યોગ છે. આકસ્મીક લાભ થાય. નોકરીયાત વર્ગને નાણાંકીય બાબતે ઈચ્છીત કાર્યો પૂર્ણ થાય. માતા-પિતા સાથે મતભેદ ન થાય તે જોવું. ભાઈ-બહેનનું વર્તન તમારા વિરૂધ્ધનું રહે. જીવનસાથીનો સહકાર મેળવી શકાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**
આ સપ્તાહ દરમિયાન નાણાંનો દૂર વ્યય ન થાય તેની તકેદારી રાખજો. આવક-જાવકનું પાસું સરભર રહે. માનસિક ચંચળતા અનુભવાય. સગપણ-વિવાહ અંગેની સમસ્યા દૂર થાય. સંતાન સંબંધિ સમસ્યાનો ઉકેલ આવે. સાહસિક કાર્યો કરવામાં સાવચેત રહેવું. મનમાં ગુપ્ત ચિંતા અનુભવાય. ખોટું નાણાંકીય રોકાણ ન થઈ જાય તેની ખાસ સાવચેતી રાખવી.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**
આ સમય દરમિયાન લાંબાગાળાથી પરેશાન કરતી સમસ્યાનો ઉકેલ આવી જાય. સર્જનાત્મક કે રચનાત્મક કાર્યોમાં સફળતા મળે. પરિવારમાં વિશેષ આનંદનું વાતાવરણ સર્જાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. લાંબાગાળાની યોજના તમારા ધાર્યા પ્રમાણે પાર પડે. વિશ્વાસઘાતનો પ્રસંગ ન બને તેની તકેદારી રાખજો. આર્થિક ખર્ચનો પ્રસંગ બને.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**
આ સપ્તાહ દરમિયાન વ્યાપાર-ધંધાની કામગીરીમાં અણધારી પ્રગત્તિ થાય. આનાંદ-ઉત્સાહસભર વાતાવરણ રહે. મહિલા વર્ગ માટે આ સમય દરમિયાન નવી તક મળે કે આકસ્મીક લાભ પ્રાપ્ત થાય. મકાન-વાહન કે સંપત્તિને લગતા પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે ખાસ કાળજી રાખવી. વડીલ વર્ગનો વિશ્વાસ સંપાદીત કરી શકશો. નોકરીયાત વર્ગને નવિન ઉન્નતિનો માર્ગ મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**
આ સપ્તાહ દરમિયાન ચિંતા અને અશાંતિના પ્રશ્નો ધીરે-ધીરે ઉકેલાતા જાય. કૌટુંબિક મતભેદો દૂર થાય. ખર્ચ પર કાબુ રાખવો નહિંતર નાણાંકીય સમસ્યાનો સામનો કરવો પડે. પુરૂષાર્થનો વિશેષ ફળ મેળવી શકશો. માંગલિક કાર્યો સફળતાથી પાર પડે. તમારા માટે પ્રગતિકારક સમય રહે. સામાજિક માન-પ્રતિષ્ઠા સાથે આર્થિક લાભો પણ અટકી-અટકીને મળે. મુસાફરીમાં ધારી સફળતા મળે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**
આ સપ્તાહ દરમિયાન ખોટા નાણાંકીય રોકાણ ન કરવા હિતાવહ. જોખમી કાર્યોથી દૂર રહેવું. મન અધ્યાત્મિક તરફ વળી જાય. કાલ્પનીક ચિંતાથી દૂર રહી તમારી પ્રવૃત્તિઓમાં વિશેષ ધ્યાન આપજો. આરોગ્યની સમસ્યા હોય તો તે દૂર થાય, કઠીન કાર્યો સરળ બની જાય. રોકાયેલા નાણાં છૂટા થતા જાય. નજીવા કારણોસર મનમાં ચિંતા અનુભવાય. અલબત્ત સપ્તાહના અંતે મોટો લાભ મળે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**
આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું જરૂરી છે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની સંભાવના રહેલી છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યોમાં મન પ્રવૃત રાખવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**
આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ ધ્યાન રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાન ફેરના યોગ છે. ધંધાકીય ક્ષેત્રમાં સાવધાની રાખવી. જરૂરી નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડે. અણધાર્યો પ્રવાસ નકારી ન શકાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**
આ સપ્તાહ દરમિયાન અટકેલા કાર્યો પૂર્ણ થાય. વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. પારિવારીક વિષમતા દૂર થાય. આ સપ્તાહ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું નહિં તો સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય જે ભવિષ્ય માટે લાભદાયી નીવડી શકે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**
આ સમય દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદીલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું. કુટુંબ માટે ભોગ આપવો પડે તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે અને સંતાનથી લાભ થાય. ધીરે-ધીરે પરિસ્થિતિમાં સુધારો થાય.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**
આ સપ્તાહ દરમિયાન કાર્યની અધિક્તાને કારણે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. નવા આયોજનો સફળતાથી પાર પાડી શકાય. મુસાફરી પ્રાવસ-ટાળવા હિતાવહ. જામીનગીરી જેવા કાર્યથી સાવચેત રહેવું.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**
આ સપ્તાહ દરમિયાન તમારી માનસિક ઉદાસિનતા દૂર થાય તેવું વાતાવરણ સર્જાય. માંગલિક કાર્યોના આયોજન કે લગ્ન સંબંધી સમસ્યા હોય તો તે માટે તમારે હજુ થોડો સમય રાહ જોવી પડશે. ધીરજપૂર્વક દરેક કાર્ય હાથ ધરશો તો ધાર્યો લાભ મેળવી શકશો. જીવનસાથી કે વડીલવર્ગનો પૂર્ણ સહકાર પ્રાપ્ત કરી શકશો.

# કાયદેસર નોંધાયેલા આંકડા મુજબ ગુજરાતમાં પાંચ વર્ષમાં ૧,૭૧,૩૨૫ મહિલાઓએ ગર્ભપાત કરાવ્યા

## ગેરકાયદેસર-ગેરકાનૂની ગર્ભપાતના આંકડા કેટલા ચોંકાવનારા અને મોટા હશે ? જે ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્ય માટે અત્યંત ચિંતાજનક બાબત

અમદાવાદ, તા.૭ પ્રગતિશીલ વિચાર અને માનવીય અભિગમ ધરાવતા ગુજરાતમાં પાંચ વર્ષમાં ૧,૭૧,૩૨૫ મહિલાઓનાં કાયદેસર ગર્ભપાત (Abortion)નાં કિસ્સાઓ જ્યારે બીજી બાજુ ગેરકાયદેસર-ગેરકાનૂની ગર્ભપાતના આંકડા કેટલા ચોંકાવનારા હશે ? તે અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેનકરે જણાવ્યું હતું કે સ્ત્રીઓનાં જીવનમાં સગર્ભાવસ્થા એ ખૂબ ખાસ અને કુદરતનાં આશીર્વાદ સમાન સ્થિતિ હોય છે. ગર્ભવતી મહિલા જીવનમાં અન્ય કોઈ વિકલ્પ ન હોય ત્યારે જ ગર્ભપાત(Abortion) વિશે વિચારે છે. ગર્ભપાત કરવા 'મેડિકલ ટર્મીનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ' છે જેમાં ચોક્કસ કારણોસર ગર્ભપાત કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારનાં સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય રાજ્યસભામાં દ્વારા આપવામાં આવેલ ચોંકાવનારા આંકડા મુજબ માત્ર વર્ષ ૨૦૨૧-૨૨માં સમગ્ર દેશમાં ૧૩,૬૫,૦૯૬ જેટલી મહિલાઓનું ગર્ભપાત (Abortion) થયું છે. જે ચિંતાનો વિષય છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨માં જ ૩૦૧૮૭ મહિલાઓની ગર્ભપાત કરવામાં આવ્યું છે. રાજ્યમાં પાંચ વર્ષમાં ૧,૭૧,૩૨૫ મહિલાઓએ ગર્ભપાત કરાવ્યું છે. આ આંકડા માત્ર કાયદેસર નોંધાયેલ ગર્ભપાતના આંકડા છે, ગેરકાયદેસર-ગેરકાનૂની ગર્ભપાતના આંકડા કેટલા ચોંકાવનાર અને મોટા હશે ? જે અત્યંત ચિંતાજનક અને ચોંકાવનાર બાબત છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૬-૧૭માં ૨૮૨૦૪, વર્ષ ૨૦૧૭-૧૮માં ૪૨૩૯૧, વર્ષ ૨૦૧૮-૧૯માં ૪૧૮૮૩, વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૮૬૬૦ અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૦૧૮૭ જેટલી મહિલાઓએ ગર્ભપાત કરવામાં આવ્યો છે. આધુનિકતાની વાતો વચ્ચે સ્ત્રીભૃણ હત્યાઓ પણ સમાજની કડવી વાસ્તવિકતા છે. ગર્ભના ભ્રુણનું લિંગ પરીક્ષણ કરવુંકે કરવા માટે અનુરોધ કરવો બંને ગંભીર ગુન્હો છે. ગુજરાતમાં ૧૦૦૦ પુરૂષે ૯૧૯ મહિલા દર્શાવે છે કે જેન્ડર રેશિયામાં પાછળ છીએ છે. નબળી આર્થિક પરિસ્થિતિ, શારીરિક બીમારી, ગર્ભમાં બાળકમાં ઓછો વિકાસ, ફેમેલી પ્લાનિંગનો અભાવ, પ્રેગ્નન્સી વખતે યોગ્ય ટ્રીટમેન્ટ ન મળવી, સામાજિક કારણો સહિતનાં અન્ય કારણોસર ગર્ભપાત કરાવવામાં આવે છે. ગર્ભાવસ્થા દરમ્યાન સગર્ભા સ્ત્રીના સ્વાસ્થ્ય અને અજાત બાળકની જાળવણી માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાનો અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૮૧૧ કરોડ અને કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત પાંચ વર્ષમાં ૮૫૧.૬૩ કરોડ રૂપિયા જેટલો અધધ ખર્ચ બાદ પણ રાજ્યમાં મહિલાઓનાંગર્ભપાત કરવામાં કિસ્સાઓ વધી રહ્યા છે. જે ગુજરાત માટે ચિંતાની બાબત છે. શું માત્ર જાહેરાતોમાં જ માતૃ વંદના, સ્ત્રી સશક્તિકરણની વાતો કરીશું ? સામાજિક જાગૃતિ અને સલામત માતૃત્વ માટે રાજ્ય સરકાર માત્ર પરિપત્રો કરીને વાહવાહી લુંટશે કે કોઈ નક્કર કામગીરી કરશે તે યક્ષ પ્રશ્ન છે.

| ક્રમ | વર્ષ | ગુજરાતમાં ગર્ભપાતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૬-૧૭ | ૨૮૨૦૪ |
| ૨ | ૨૦૧૭-૧૮ | ૪૨૩૯૧ |
| ૩ | ૨૦૧૮-૧૯ | ૪૧૮૮૩ |
| ૪ | ૨૦૧૯-૨૦ | ૨૮૬૬૦ |
| ૫ | ૨૦૨૧-૨૨ | ૩૦૧૮૭ |
| | કુલ | ૧૭૧૩૨૫ |

ગુજરાતમાં મોટી સંખ્યામાં થઈ રહેલા ગર્ભપાત (Abortion) અંગે યોગ્ય તપાસ કરવામાં આવે, ગર્ભપાત (Abortion)ના કિસ્સા અટકાવા માટે જનજાગૃતિ - સામાજિક જાગૃતિ માટે અસરકારક જાગૃતિ કાર્યક્રમ દ્વારા છેવાડાના અંતરિયાળ ગામડાઓમાં રહેતા આર્થિક રીતે નબળા પરિવારની મહિલાઓની પણ પ્રેગનન્સી સુરક્ષિત થાય તે અંગે ભાજપ સરકાર નક્કર કામગીરી કરે તેવી કોંગ્રેસ પક્ષ દ્વારા માંગણી કરાઈ છે.

# બંગાળના ખેલમંત્રી મનોજ તિવારીએ ક્રિકેટના બધા ફોર્મેટમાંથી સંન્યાસ લીધો

નવી દિલ્હી, તા.૭ ભારતના મધ્યમક્રમના બેટ્સમેન મનોજ તિવારીએ તાજેતરમાં ક્રિકેટના બધા ફોર્મેટમાંથી સંન્યાસની જાહેરાત કરી છે. મનોજ તિવારી બંગાળ રણજી ટીમના સૌથી મોટા ખેલાડીઓમાં સામેલ રહ્યા છે. હાલ તે મમતા બેનરજી સરકારમાં ખેલમંત્રી પણ છે. ૩૭ વર્ષીય આ સ્ટાર છેલ્લીવાર ૨૦૧૫માં ભારત માટે રમ્યા હતા. જ્યારે ફેબ્રુઆરી-૨૦૨૩માં બંગાળ માટે ઘરેલુ ક્રિકેટ રમતા રહ્યા હતા તે ટીમના કપ્તાન પણ રહ્યા છે. ધોનીની કેપ્ટનશીપમાં મનોજ તિવારીએ ૨૦૦૮થી ૨૦૧૫ દરમ્યાન ભારત માટે ૧૨ વન-ડે અને ત્રણ ટી-૨૦ મેચ રમી છેઅને તેમના નામે વન-ડેમાં સદી પણ છે તેમણે પોતાની રિટાયરમેન્ટ નોટમાં લખ્યું કે ક્રિકેટને અલવિદા. આ રમતે મને બધું જ આપ્યું છે મારો મતલબ કે તે બધું જ આપ્યું જે સ્વપ્નમાં વિચાર્યું નહતું. હું હંમેશા આ રમતનો આભારી રહીશ. મનોજ તિવારીની ઘરેલું ક્રિકેટમાં શાનદાર કારકિર્દી રહી છે. તેમણે બંગાળનું પ્રતિનિધિત્વ કર્યું અને આઈપીએલમાં દિલ્હી ડેરડેવિલ્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ, કિંગ્સ ઈલેવન પંજાબ અને રાઈઝીંગ પૂણે સુપર જાન્યટસ જેવી ટીમો માટે પણ રમ્યા છે. ઘરેલુ ક્રિકેટમાં પોતાના પ્રભાવશાળી પ્રદર્શન છતાં તિવારીની આંતરરાષ્ટ્રીય કારકિર્દી વધારે લાંબી રહી નહીં.

# દેશના તમામ ૨.૫ લાખથી વધુ ગામની માટીમાંથી દિલ્હી ખાતે ''અમૃત વાટિકા''નું કરાશે નિર્માણ

## દરેક તાલુકામાંથી ૭૫૦૦ યુવાનો માટીના કળશ દિલ્હી કર્તવ્ય પથ સુધી પહોંચાડશે

ગાંધીનગર, તા.૭ દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન અને સંઘર્ષના પરિણામે ભારતને મહામૂલી આઝાદી મળી, અને આજે દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. દેશના અમૃતકાળની ભવ્ય ઉજવણી કરવા તેમજ આગામી ૨૫ વર્ષમાં ભારતને વિકસિત દેશ બનાવવા સ્વપ્ન માટે રોડમેપ તૈયાર કરવા વડાપ્રધાને ૧૨ માર્ચ, ૨૦૨૧થી ''આઝાદી કા અમૃત મહોત્સવ''નો આરંભ કરાવ્યો હતો. ઓગષ્ટ૨૦૨૩માં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી પૂર્ણ થશે. દેશના અમૃતકાળને વધુ યાદગાર બનાવવા ભારતના સ્વાતંત્ર્ય સેનાની અને દેશ માટે શહાદત વહોરનાર દરેક વીરજવાનને સાચી શ્રદ્ધાંજલિ આપવા દેશભરમાં ''મારી માટી, મારો દેશ'' અભિયાન હાથ ધરવામાં આવશે. ''આઝાદી કા અમૃત મહોત્સવ''ની પૂર્ણાહુતિને વધુ ભવ્ય અને યાદગાર બનાવવા આગામી તા. ૯થી ૩૧ ઓગષ્ટ દરમ્યાન સમગ્ર દેશમાં ''મારી માટી, મારો દેશ - માટીને નમન, વીરોને વંદન'' અભિયાન હાથ ધરવામાં આવશે. માતૃભૂમિને સમર્પિત આ ઝુંબેશ હેઠળ દેશભરની તમામ એટલે કે, ૨.૫ લાખથી વધુ ગામની માટી એકઠી કરીને તેને રાજધાની દિલ્હીના કર્તવ્ય પથ સુધી લાવીને ''આઝાદી કા અમૃત મહોત્સવ સ્મારક'' તેમજ ''અમૃતવાટિકા''નું નિર્માણ કરવામાં આવશે. આ સ્મારક આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનું સ્મૃતિસ્થળ અને સાથે જ દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર વીરસપૂતો માટે સાચી શ્રદ્ધાંજલિ હશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ ''મારી માટી, મારો દેશ'' ઝુંબેશ હેઠળ આગામી તા. ૯થી ૧૫મી ઓગષ્ટ દરમ્યાન વિવિધ સ્થાનિક કાર્યક્રમો અને માટીયાત્રાઓનું આયોજન કરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ગુજરાત સહિત દેશભરમાં સ્થાનિક કાર્યક્રમો અને માટી યાત્રાનું આયોજન કરવામાં આવશે. દેશભરના ગામડાઓમાં ગામથી તાલુકા સુધીની માટીયાત્રાઓ યોજાશે. આ યાત્રા ગામડે-ગામડેથી એકએક મુઠ્ઠી માટી લઇ તેને તાલુકા કક્ષાએ એકત્ર કરશે. ત્યારબાદ તાલુકાથી દિલ્હી કર્તવ્યપથ સુધીની અમૃત કળશ યાત્રાનું પણ આયોજન કરવામાં આવશે. જેમાં દરેક તાલુકાનું પ્રતિનિધિત્વ કરતા ૭૫૦૦થી પણ વધારે યુવાનો એકત્ર થયેલી માટીના કળશ અમૃત વાટિકાની સ્થાપના માટે દિલ્હી કર્તવ્યપથ સુધી પહોંચાડશે.

**૧. શિલાફલકમનું સ્થાપન :** દેશના દરેક ગામ અને ગ્રામપંચાયત વિસ્તારમાં આવેલા અમૃત સરોવર કે જળાશયો ખાતે અને જ્યાં જળાશયો ઉપલબ્ધ ન હોય, ત્યાં પંચાયત ઓફિસ, શાળા પાસે સ્મારક પથ્થરની તકતી (શિલાફલકમ) ઉભી કરવામાં આવશે. શહીદ વીરોના બલિદાનને સમર્પિત આ તકતીમાં સ્થાનિક વીરોના નામનો સમાવેશ કરવામાં આવશે.

**૨. 'પંચ પ્રણ' પ્રતિજ્ઞા :** સ્થાનિક કક્ષાએ યોજાતા કાર્યક્રમ દરમ્યાન નાગરિકો હાથમાં મુઠ્ઠીભર માટી અથવા માટીનો દિવો રાખી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે સામૂહિક પ્રતિજ્ઞા લેશે. જેમાં વિકસિત ભારતનું લક્ષ્ય, ગુલામીની માનસિકતામાંથી સ્વતંત્રતા, ભારતના સમૃદ્ધ વારસા ઉપર ગર્વ અને તેનું સંરક્ષણ, દેશની એકતા અને એકસૂત્રતા, નાગરિકોની ફરજ અને જવાબદારીની ભાવનાનો સમાવેશ થાય છે.

**૩. વસુધા વંદન :** ધરતીને વધુ હરિયાળી બનાવવા દેશની દરેક એટલે કે ૨.૫ લાખથી વધુ ગ્રામ પંચાયતમાં પંચાયત દીઠ ૭૫ રોપાઓનું વાવેતર કરીને તેનો ઉછેર કરવામાં આવશે. આ ઉપરાંત દિલ્હી ખાતે પણ અમૃતવાટિકાનું નિર્માણ કરવામાં આવશે.

**૪. વીરોને વંદન :** ગ્રામ પંચાયત કક્ષાએ યોજાનાર દરેક સમારોહમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદ સેનાનીઓના પરિવારો, સંરક્ષણ કર્મચારીઓ અથવા તેમના પરિવારોને આમંત્રિત કરીને વીરોનું સ્થાનિક પરંપરા અને રીવાજ અનુસાર સન્માન કરવામાં આવશે.

**૫. રાષ્ટ્ર ધ્વજ ફરકાવવો અને રાષ્ટ્રીયગીત ગાન :** ગ્રામપંચાયત કક્ષાએ યોજાનાર કાર્યક્રમોમાં ગ્રામજનો દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં અને રાષ્ટ્રગાન પણ ગાવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરમાં તા.૧૪થી ૨૫ ઓગસ્ટ દરમ્યાન ''મારી માટી, મારો દેશ'' ઝુંબેશને સમર્પિત પ્રાસંગિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. ગુજરાતના શહેરી વિસ્તારો પણ આ અભિયાનમાં સક્રિય રીતે સહભાગી થશે. ગ્રામીણ વિસ્તારોની જેમ શહેરી વિસ્તારમાં પણ સૌપ્રથમ ટાઉન પંચાયત, કેન્ટોન્મેન્ટ બોર્ડ, ત્યાર બાદ નગરપાલિકા અને મહાપાલિકા કક્ષાએ તેમજ અંતમાં દેશની રાજધાની ખાતે 'મારી માટી, મારો દેશ' અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાશે.

# TAT-HSની પરીક્ષામાં રાજ્યના ૧.૧૪ લાખ ઉમેદવારો હાજર રહેશે

## વિષયોની સંખ્યા વધુ હોવાથી હિન્દી-અંગ્રેજી માધ્યમની પરીક્ષા ૧૩મીએ લેવાશે

અમદાવાદ, તા.૭ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનારી શિક્ષક અભિરૂચી કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT-HS) માટે ૧.૧૪ લાખ ઉમેદવારો નોંધાયા છે. આ પરીક્ષામાં પ્રથમ તબક્કામાં ૬ ઓગસ્ટે ગુજરાતી માધ્યમના અને ૧૩ ઓગસ્ટે હિન્દી તથા અંગ્રેજી માધ્યમના ઉમેદવારો પરીક્ષા આપશે. TAT-HSની પરીક્ષા રાજ્યના પાંચ જિલ્લા મથકો ઉપર લેવાશે, જેમાં ૪૫૨ સેન્ટરો પરીક્ષા માટે નક્કી કરવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચતર માધ્યમિક શાળા એટલે કે ધો.૧૧ અને ૧૨મા શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે શિક્ષક અભિરૂચી કસોટી (ઉચ્ચતર માધ્યમિક) ૨૦૨૩ લેવા માટે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં ૨૦જુલાઈ સુધી ઓનલાઈન ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ થયા બાદ હવે TAT-HSની પ્રાથમિક પરીક્ષા લેવામાં આવશે, જેમાં ગુજરાતી માધ્યમના તમામ વિષયોની પરીક્ષા ૬ ઓગસ્ટના રોજ બપોરના ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા દરમ્યાન લેવામાં આવશે. જ્યારે હિન્દી અને અંગ્રેજી માધ્યમના તમામ વિષયની પરીક્ષા ૧૩ ઓગસ્ટના રોજ લેવામાં આવશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રાજ્યના ૪૫૨ સેન્ટર ઉપર ૪૧૩૭ બ્લોકમાં પરીક્ષા લેવાનું આયોજન કરાયું છે. સમગ્ર રાજ્યમાંથી આ પરીક્ષા માટે ૧,૧૪,૮૭૦ ઉમેદવારો નોંધાયા છે. TAT-HSની પરીક્ષા માટે રાજ્યના પાંચ જિલ્લા નક્કી કરવામાં આવ્યા છે. અમદાવાદ શહેરમાં ૧૦૧ સેન્ટર પર ૯૭૪ બ્લોકમાં ૨૭,૧૭૭ ઉમેદવારો પરીક્ષા આપવા માટે હાજર રહેશે. જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં ૬૦ સેન્ટર ઉપર ૫૩૭ બ્લોકમાં ૧૪,૯૨૩ ઉમેદવારો; રાજકોટમાં ૯૪ સેન્ટર ઉપર ૮૨૧ બ્લોકમાં ૨૨,૭૬૨ ઉમેદવારો; સુરતમાં ૯૬ સેન્ટર ઉપર ૮૭૫ બ્લોકમાં ૨૪,૨૫૫ ઉમેદવારો અને વડોદરામાં ૧૦૧ સેન્ટર ઉપર ૯૩૦ બ્લોકમાં ૨૫,૭૫૩ ઉમેદવારો ઉપસ્થિત રહેશે.

# સુરત ભાજપમાં ઘર ફૂટે ઘર જાય તેવી સ્થિતિ : પાર્ટી નેતાઓ સામેના પત્રિકાકાંડમાં પક્ષનો જ કાર્યકર નીકળતા ચર્ચાઓનું બજાર ગરમ

## ભાજપના પ્રદેશ પ્રમુખ પાટિલ સામે રૂા.૮૦ કરોડના ભ્રષ્ટાચારના આક્ષેપ કરતા વીડિયો મામલે જિનેન્દ્ર શાહની ધરપકડ બાદ હાથ ધરાયેલી વધુ તપાસ

સુરત, તા.૭ તાજેતરમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સામે ૮૦ કરોડના ભ્રષ્ટાચારનો આક્ષેપ કરતી પોસ્ટના વીડિયોને લઈને ક્રાઈમ બ્રાન્ચે જિનેન્દ્ર શાહની ધરપકડ કરી હતી. હવે પાટીલ સહિત રાજ્ય સરકારના મંત્રી અને ધારાસભ્ય ઉપર ભ્રષ્ટાચાર જેવા ગંભીર આરોપો સાથેની પત્રિકા ફરતી કરીને બદનામ કરવાની સુરત ક્રાઈમ બ્રાન્ચમાં વધુ એક ફરિયાદ નોંધાઈ છે. આ પત્રિકાને લઈ નોંધાયેલી ફરિયાદમાં એવી વાત સામે આવી છે કે, ભાજપના નેતાઓને પોસ્ટ મારફત મોકલવામાં આવેલી પેન ડ્રાઈવ પત્રિકામાં આજ જિનેન્દ્ર શાહનો વીડિયો ખુદ ભાજપના દક્ષિણ ગુજરાતના કાર્યકર દ્વારા મોકલવામાં આવ્યો હતો, જેમાં સુરત ક્રાઈમ બ્રાન્ચમાં ત્રણ સામે બદનામીની ફરિયાદ નોંધાઈ છે. ભાજપ પ્રમુખ પાટિલ, સરકારના મંત્રી અને ચોર્યાસીના ધારાસભ્ય ઉપર ભ્રષ્ટાચારના આરોપ સાથેની પત્રિકા ફરતી કરવા અંગે સુરત ક્રાઈમ બ્રાન્ચમાં ધારાસભ્ય સંદિપ દેસાઈએ ફરિયાદ નોંધાવી છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે, જૂન મહિનામાં મારા ઘરે પોસ્ટમેન એક ટપાલ આપી ગયો હતો, જેમાં એક પેન ડ્રાઈવ અને ટાઈપ કરેલા બે કાગળો હતા, જેમાં મારી સાથે તેમજ પક્ષના પ્રમુખ સી.આર. પાટીલ સામે જુદાજુદા આક્ષેપ કરવામાં આવ્યા હતા, જેમાં પાટીલે ભાજપના નેતાઓ પાસેથી ખાતાની ફાળવણી માટે મોટી રકમો લઈને ખાતાની વહેંચણી કરવામાં આવી છે. એવા ગંભીર આક્ષેપો સાથે ટાઈપ કરેલો લેટર હતો, સાથે વીડિયોની પેન ડ્રાઈવ પણ રાખવામાં આવી હતી. ધારાસભ્ય સંદિપ દેસાઈએ ભાજપના અન્ય પદાધિકારીઓ સાથે વાત કરતાં તેમને જાણવા મળ્યું હતું કે, ટપાલ મારફતે આ પ્રકારના કવર ગુજરાતના તમામ મોટા નેતાઓને મોકલવામાં આવ્યા હતા. આ પ્રકારની પત્રિકાથી પાર્ટીની પ્રતિષ્ઠા ખરડાઈ છે, જેથી તપાસ માટે સુરત ક્રાઈમ બ્રાન્ચમાં અરજી કરાઈ હતી. નેતાઓને મળેલા કવર કોસંબા ખાતે રહેતા દીપુ યાદવ અને ખુમાનસિંહ પટેલ નામના બે શખ્સ ભરૂચ તથા પાલેજ રેલવે સ્ટેશન ખાતેની ટપાલ પેટીમાં પોસ્ટ કરતા જણાઈ આવ્યા હતા. આથી સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે આ બંને શખ્સની અટક કરી પૂછપરછ હાથ ધરી હતી. ત્યારે તેમને આ લખાણ તથા પેન ડ્રાઈવ સાથેનું કવર પોસ્ટ કરવા ભાજપના જ વર્ષોથી જોડાયેલા ઘનિષ્ઠ કાર્યકર અને ઉમરપાડા તાલુકાના પ્રભારી તથા તરસાડી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રાકેશસિંહ રણજિતસિંહ સોલંકીએ આપ્યું હોવાનું જણાવ્યું હતું.

## ૭૪મા વન મહોત્સવનો પંચમહાલથી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીનું આહ્વાન

# આવનારી પેઢીને શુધ્ધ વાતાવરણ આપવા પર્યાવરણ સાથે સંતુલન દ્વારા ગ્રીન ગ્રોથ જાળવો



ગાંધીનગર, તા.૭ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૭૪મા વન મહોત્સવનો પંચમહાલના જેપુરા-પાવાગઢથી પ્રારંભ કરાવતા રાજ્યને પર્યાવરણ પ્રિય વાતાવરણ નિર્માણની વધુ એક ભેટ વન કવચ લોકાર્પણથી આપી છે.રાજ્યની આબોહવા અને માટીની ફળદ્રુપતા ધ્યાને લઈ વૃક્ષોનાં વાવેતર દ્વારા વન કવચ વિકસાવવામાં આવી રહ્યા છે. આ વન કવચ ૧.૧ હેક્ટર વિસ્તારમાં ૧૧,૦૦૦ રોપાઓનાં ઉછેર સાથે નિર્માણ પામ્યું છે. એટલું જ નહિ, આ વન કવચની વિશેષતા છે કે, વિવિધ છોડની ૧૦૦ જેટલી પ્રજાતિઓ અહીં વન વિભાગ દ્વારા ઉછેરવામાં આવી છે તેની સાથે બીજી ૧૦૦ જેટલી પ્રજાતિઓ કુદરતી રીતે આપોઆપ ઊગી નીકળી છે. મુખ્યમંત્રીએ આવનારી પેઢીઓને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા તેમજ શુદ્ધ વાતાવરણ પૂરૂં પાડવા માટે પર્યાવરણ સાથે સંતુલન જાળવીને ગ્રીન ગ્રોથથી વિકાસનું આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું કે, પર્યાવરણ સાથે સમન્વય સાધીને વિકાસનો વિચાર વડાપ્રધાને આપેલો છે. મિશન લાઈફ અન્વયે આપણા રોજબરોજનાં જીવનમાં પર્યાવરણ જાળવણી, જમીન અને માનવી બેયનું સ્વાસ્થ્ય બગડતું અટકાવવા પ્રાકૃતિક ખેતીનો નવતર વિચાર જેવા અભિગમોથી સ્વાસ્થ્યપ્રદ જીવનનો માર્ગ બતાવ્યો છે. તેમણે જણાવ્યું કે, આખી દુનિયા આજે ગ્લોબલ વોર્મિંગનાં સંકટ સામે ઝઝૂમી રહી છે ત્યારે આ સમસ્યાના સમાધાન માટે પહેલેથી જ આયોજન કરીને ગુજરાતમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગની રચના કરી ગ્લોબલ વોર્મિંગનાં સંકટ સામે તારણોપાય શોધ્યાં છે. રાજ્ય સરકારે પણ 'વન કવચ' દ્વારા ગ્રીન કવર વધારવાનો અને ખુલ્લી જમીનમાં વૃક્ષ વાવેતરનો સફળ સેવાયજ્ઞ ઉપાડ્યો છે. આના પરિણામે મોટાપાયે વૃક્ષોનો ઉછેર થતાં માત્ર માનવ સૃષ્ટિ જ નહીં પરંતુ પશુ-પક્ષીઓને પણ શુદ્ધ વાતાવરણ મળી રહેશે. આ વર્ષે વન-મહોત્સવ અન્વયે ૧૦.૪૦ કરોડ રોપાઓનાં વિતરણની તેમજ રાજ્યના બધાં જ જિલ્લાઓમાં ૧૦૦ હેક્ટર વિસ્તારમાં ૮૫ સ્થળોએ વન કવચ વિકસાવવાની કામગીરીની ભૂમિકા આપતા તેમણે કહ્યું કે, વિકસિત ભારતનું નિર્માણ આવનારી પેઢીને શુદ્ધ હવા-પાણી અને પ્રદૂષણ મુક્ત જીવન આપીને જ થઈ શકે. મુખ્યમંત્રીએ પર્યાવરણ પ્રિય ગ્રીન-ક્લીન ગુજરાત, વિકસિત ગુજરાતથી વિકસિત ભારત માટે વૃક્ષારોપણ અને વૃક્ષ ઉછેરને સઘન બનાવવા જનશક્તિ અને સમાજશક્તિને આ તકે અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ ક્રોકોડાઈલ રેસ્ક્યુ સેન્ટર- પાવાગઢ, કાકજ એનિમલ કેર સેન્ટર પાલિતાણા, વરૂ સોફ્ટ રીલીઝ સેન્ટર નડાબેટનાં ઈ-લોકાર્પણ કર્યા હતા. વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ રાજ્યમાં વન વિસ્તારની વૃદ્ધિ અને પર્યાવરણ સંરક્ષણ માટે લેવાયેલાં પગલાંની ભૂમિકા આપતા કહ્યું કે, ગુજરાતમાં સંતુલિત વિકાસ થઈ રહ્યો છે. છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતમાં વન વિસ્તારમાં વૃદ્ધિ થઈ હોવાનું ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના રેકોર્ડમાં જાહેર થયું છે.

# શાળાઓમાં ૯થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન કાર્યક્રમો યોજવા આદેશ

## મેરી માટી મેરા દેશ થીમ ઉપર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા તાકીદ

અમદાવાદ, તા.૭ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૯ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી શાળા કક્ષાએ મેરી માટી મેરા દેશ થીમ ઉપર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા માટે તાકીદ કરાઈ છે. જેમાં વિવિધ સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા માટે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ પરિપત્ર કર્યો છે. કાર્યક્રમમાં મહત્તમ લોકો જોડાય તે પ્રકારનું આયોજન કરવા અને તે અંગેનો અહેવાલ તૈયાર કરી શાળા કક્ષાએ રાખવા માટે પણ સૂચના આપાઈ છે.આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મેરી માટી મેરા દેશ થીમ ઉપર ૯ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ દરમ્યાન ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગર પાલિકા - મહાનગર પાલિકા કક્ષાએ ઉજવણી કરવામાં આવનાર છે. આ સંદર્ભે શાળા કક્ષાએ નિબંધ સ્પર્ધા, પંચપ્રણ પ્રતિજ્ઞા - ચિત્ર સ્પર્ધા, સ્લોગન, પ્રભાત ફેરી, સાંસ્કૃતિક કાર્યક્રમ, વસુધા વંદન જેવી પ્રવૃત્તિઓ કરવાની રહેશે તેમજ શહીદો અને વીરોને શ્રદ્ધાંજલી અર્પણ કરવાની રહેશે. જેથી આ અંગે શાળા કક્ષાએ કાર્યક્રમોનું આયોજન કરવા માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ તમામ સ્કૂલોને પરિપત્ર કર્યો છે. સ્કૂલોએ ૯ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે. જેમાં ૯ ઓગસ્ટના રોજ રેલીનું આયોજન, પ્રભાત ફેરી, ૧૦ ઓગસ્ટના રોજ ચિત્ર સ્પર્ધા યોજાશે. ૧૧ ઓગસ્ટના રોજ નિબંધ સ્પર્ધા અને સ્લોગન સ્પર્ધાનું આયોજન, ૧૨ ઓગસ્ટના રોજ વસુધા વંદન - સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જ્યારે ૧૪ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય ગીત, શૌર્ય ગીત સ્પર્ધાનું આયોજન કરવા માટે સૂચના અપાઈ છે. આ કાર્યક્રમમાં મહત્તમ લોકો ભાગીદાર બને તે રીતે આયોજન કરવા સ્કૂલોને સૂચના અપાઈ છે. કાર્યક્રમની ઉજવણી અંગેના ફોટો અને અહેવાલ તૈયાર કરીને શાળા કક્ષાએ રાખવા માટે પણ સૂચના અપાઈ છે.

# IIM માટેના નવા બિલથી સંસ્થાની સ્વાયત્તતા ઉપર ચિંતા

નવી દિલ્હી, તા.૭

મણિપુર મુદ્દે થયેલા હોબાળા વચ્ચે કેન્દ્ર સરકારે ૨૮ જુલાઈના રોજ લોકસભામાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) એમેન્ડમેન્ટ બિલ રજૂ કર્યું હતું. આ બિલ મુજબ રાષ્ટ્રપતિ આઈઆઈએમના વિઝિટર હશે અને તેમને તેમના કામનું ઓડિટ કરવાનો અધિકાર હશે. આ સિવાય આ બિલમાં આઈઆઈએમના ડાયરેક્ટરની નિમણૂક અને હટાવવાની વધુ સત્તા સરકારને આપવામાં આવી છે, જેના કારણે આ પ્રતિષ્ઠિત સંસ્થાની 'સ્વાયત્તતા' અંગે ચર્ચા શરૂ થઈ છે. કોંગ્રેસના મહાસચિવ અને સાંસદ જયરામ રમેશે કેન્દ્ર સરકાર અને આ બિલની ટીકા કરી હતી અને તેમના પર ઉગ્ર નિશાન સાધતા તેમણે કહ્યું, 'વર્ષ ૨૦૧૭માં આઈઆઈએમને વધુ સ્વાયત્તતા આપવામાં આવી હતી અને આ કાયદાને સંસદમાં પણ ભારે સમર્થન મળ્યું હતું, પરંતુ ૬ વર્ષ પહેલા ખુદ મોદી સરકારે જે બિલ રજૂ કર્યું હતું તે હવે તેનાથી વિપરીત કરી રહ્યાછે. આનાથી સ્પષ્ટ થાય છે કે કેન્દ્ર સરકાર આ પ્રતિષ્ઠિત સંસ્થાઓની સ્વતંત્રતા છીનવી લેવા માંગે છે. બીજી તરફ આઈઆઈએમને ચિંતા છે કે આ સુધારેલું બિલ જવાબદારી નક્કી કરવાના નામે તેમની સ્વાયત્તતા છીનવી શકે છે.દેશની આઝાદી બાદ પ્રથમ વડાપ્રધાન બનેલા નેહરુએ ૧૯૬૪માં તેમના મૃત્યુ સુધી ઘણી સંસ્થાઓ શરૂ કરી હતી. તેઓ આ સંસ્થાઓને આધુનિક ભારતના મંદિરો કહેતા હતા. આ સિવાય ૧૯૬૧માં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનનું પણ નિર્માણ કર્યું હતું. કેન્દ્ર સરકાર આઈઆઈએમ સુધારા બિલ દ્વારા આઈઆઈએમ એક્ટ ૨૦૧૭માં કેટલાક ફેરફારો કરવા માંગે છે. દેશની કુલ ૨૦ સંસ્થાઓ કે જે આ કાયદા હેઠળ આવે છે તેને રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓ તરીકે જાહેર કરવામાં આવી છે. આ ૨૦ સંસ્થાઓને મેનેજમેન્ટથી લઈને સંશોધન અને જ્ઞાનથી લઈને વૈશ્વિક શ્રેષ્ઠતા સુધી દરેક રીતે ઉત્તમ અને સશક્ત બનાવવામાં આવી છે. ૨૦૧૭ના કાયદા હેઠળ સરકાર પાસે આઈઆઈએમના ડાયરેક્ટરની નિમણૂકમાં મર્યાદિત સત્તાઓ છે. હાલમાં ડાયરેક્ટરની નિમણૂક બોર્ડ ઓફ ગવર્નર્સ દ્વારા કરવામાં આવે છે જ્યારે ૨૮ જુલાઈના રોજ લોકસભામાં સુધારો બિલ પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે તેમાં આ નિમણૂકની પ્રક્રિયામાં ફેરફાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને આઈઆઈએમના ડાયરેક્ટરની નિમણૂકમાં સરકારને મહત્વની ભૂમિકા આપવાની વાત કરવામાં આવી છે. સુધારા માટેના પ્રસ્તાવિત બિલની કલમ ૫ જણાવે છે કે પ્રિન્સિપલ એક્ટની કલમ ૧૦ બાદ વધુ સેક્શન ઉમેરવામાં આવશે જેવી કે કલમ ૧૦છ(૧), જે મુજબ ભારતના રાષ્ટ્રપતિ આઈઆઈએમ એક્ટ હેઠળ આવતી તમામ સંસ્થાઓના વિઝિટર હશે. બિલ અનુસાર રાષ્ટ્રપતિની ત્રણ ભૂમિકાઓ પણ નક્કી કરવામાં આવી છે જેમાં ડિરેક્ટરોની નિમણૂક, સંસ્થાઓની કામગીરીનું ઓડિટ અને તપાસનો સમાવેશ થાય છે. આઈઆઈએમ એક્ટ ૨૦૧૭ની કલમ ૧૬(૨) અનુસાર, આઈઆઈએમના ડાયરેક્ટરની નિમણૂક બોર્ડ દ્વારા ચોક્કસ નિયમો અને શરતો સાથે કરવામાં આવે છે. કલમ ૧૬(૧) મુજબ, આઈઆઈએમ સંસ્થાના મુખ્ય કાર્યકારી અધિકારી ડાયરેક્ટર હશે અને તે સંસ્થાનું નેતૃત્વ પણ કરશે. આ સિવાય જો બોર્ડ કોઈ નિર્ણય લે છે તો તેના અમલ માટે માત્ર ડાયરેક્ટરને જ જવાબદાર બનાવવામાં આવ્યા છે. કલમ ૧૬(૩) મુજબ બોર્ડ ડાયરેક્ટરની નિમણૂક કરતા પહેલા સર્ચ-કમ-સિલેકશન કમિટીની રચના કરશે. આ સમિતિ દ્વારા ભલામણ કરાયેલ નામોની પેનલમાં જ ડાયરેક્ટરના નામની નિમણૂક કરવામાં આવશે. બોર્ડના અધ્યક્ષ સર્ચ-કમ-સિલેકશન કમિટીનું નેતૃત્વ કરશે અને આ બોર્ડમાંના સભ્યો રુપમાં ૩ લોકો હશે જેમની પસંદગી પ્રશાસકો, ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો, વૈજ્ઞાનિકો, ટેકનોક્રેટ્સ અને મેનેજમેન્ટ નિષ્ણાતો દ્વારા કરવામાં આવશે. નવા સંશોધિત બિલ મુજબ બોર્ડને હવે આઈઆઈએમ ડાયરેક્ટરની નિમણૂક કરતા પહેલા રાષ્ટ્રપતિની મંજૂરીની જરૂર પડશે અને રાષ્ટ્રપતિ કેન્દ્રીય કેબિનેટની સલાહ પર કાર્ય કરે છે, જેનો અર્થ છે કે શિક્ષણ મંત્રાલય ડાયરેક્ટર માટે બોર્ડની પસંદગીને ધારે તો વીટો આપી શકે છે. આ સિવાય સુધારેલા બિલમાં પસંદગી પ્રક્રિયાના પ્રારંભિક તબક્કામાં પણ સરકારને ભૂમિકા આપવાની જોગવાઈ છે. આ સિવાય ૧૬(૩)માં સર્ચ-કમ-સિલેકશન કમિટીના ૪ સભ્યો હોવાની વાત કહેવામાં આવી છે. જેમાં બોર્ડના ૩ અધ્યક્ષ હશે, પરંતુ આ સિવાય એક સભ્યને વિઝિટર તરીકે નોમિનેટ કર્યા બાદ કહેવામાં આવ્યું છે. પ્રસ્તાવિત બિલ મુજબ ડાયરેક્ટરને પદ પરથી હટાવવાના હોય તો પણ બોર્ડે વિઝીટર પાસેથી પૂર્વ મંજૂરી લેવી પડશે. આઈઆઈ એમના ૨૦૧૭ એક્ટની કલમ ૧૬(૭) જણાવે છે કે બોર્ડ ડાયરેક્ટરને દૂર કરી શકે છે. આ સિવાય સુધારેલા બિલની કલમ (૧૬)ની પેટા-કલમ (૯) બાદ નીચેની પેટા-વિભાગો ઉમેરવામાં આવી હતી. આ પેટા-કલમ (૧૦) હેઠળ ડાયરેક્ટરની સેવાઓને વિઝીટર સૂચવવામાં આવી છે તે રીતે સમાપ્ત કરી શકે છે.

# અનેક વખત પદ છોડવાનું વિચારૂ છું, સીએમ પદ મને છોડતું નથી : ગેહલોત



ચંદીગઢ, તા.૭

રાજસ્થાનમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી છે. મુખ્યમંત્રી અશોક ગેહલોત ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં તેમણે મુખ્યમંત્રી પદને લઈને એવી વાત કહી કે જેનાથી બધા ચોંકી ગયા. અશોક ગેહલોતે કહ્યું કે તેઓ ઘણી વખત વિચારે છે કે મુખ્યમંત્રી પદ છોડી દે, પરંતુ આ પદ તેમને છોડતું નથી. જોકે, સીએમ ગેહલોતે મજાકમાં આ વાત કહી હતી, પરંતુ રાજસ્થાનના રાજકારણમાં હસ્તક્ષેપ કરનારાઓ સમજી ગયા કે તેમનું નિશાન કોની તરફ હતું. સીએમ ગેહલોતે આગામી વિધાનસભાની ચૂંટણી તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે 'હવે જોઈએ આગળ શું થાય છે'. ગેહલોત રાજ્યની વિવિધ તબીબી સંસ્થાઓના શિલાન્યાસ અને ઉદ્ઘાટનના વર્ચ્યુઅલ કાર્યક્રમમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા અંગ દાનના લાભાર્થીઓ સાથે વાત કરી રહ્યા હતા. આ દરમિયાન એક મહિલાએ તેમની સફળ સારવાર માટે મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે તે ઈચ્છે છે કે ગેહલોત મુખ્યમંત્રી તરીકે જળવાઈ રહે. ગેહલોતે હસતાં હસતાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી પદ વિશે હું ઘણી વખત વિચારું છું કે છોડી દઉં... પરંતુ આ પદ જ મને છોડતું નથી. ઓનલાઈન આ કાર્યક્રમ સાથે જોડાયેલા લોકોના હાસ્ય અને તાળીઓના ગડગડાટ વચ્ચે મુખ્યમંત્રી આવાસના સ્ટેજ પર લાભાર્થી મહિલાએ ફરીથી કહ્યું, "હું ઈચ્છું છું કે તમે ફરી મુખ્યમંત્રી બનો." તેના પર ગેહલોતે કહ્યું, "તમે સતત આવું કહો છો... મુખ્યપ્રધાનના મજાકમાં કરાયેલા નિવેદનથી તેમનું નિસાન કોના તરફ હતું એ રાજકારણમાં હસ્તક્ષેપ કરનારા સમજી ગયા પરંતુ હું પોતે કહી રહ્યો છું કે મુખ્યમંત્રી પદ મને છોડતું નથી. હવે જોઈએ આગળ શું થાય છે." ઉલ્લેખનીય છે કે રાજ્યમાં આ વર્ષના અંત સુધીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

# ભારતને મળી ખતરનાક ઈઝરાયલી મિસાઈલ



નવી દિલ્હી, તા.૭

ભારતીય વાયુસેનામાં થઈ ઘાતક હથિયારની એન્ટ્રી. ભારતની શક્તિમાં થઈ ગયો ધરખમ વધારો. આ હથિયારની તાકાત જાણીને પાકિસ્તા સહિત દુનિયાના બીજા દેશોમાં ફફડાટ... પર્વતોની પાછળ છુપાયેલા દુશ્મન સ્થાનોને નષ્ટ કરવા માટે તેની ક્ષમતાઓને વધારવા માટે, ભારતીય વાયુસેનાને ૩૦ કિમી સુધીની રેન્જ સાથે ઈઝરાયેલની સ્પાઈક નોન-લાઈન ઓફ સાઈટ **(NLOS)** એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલો પ્રાપ્ત થઈ છે. સાથે લક્ષ્ય. સંરક્ષણ સૂત્રોએ એએનઆઈને જણાવ્યું હતું કે ઈઝરાયેલી સ્પાઈક એનએલઓએસ એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલો પહોંચાડવામાં આવી છે અને ટૂંક સમયમાં તેનું પરીક્ષણ કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે **NLOS** મિસાઈલો, જે હવે રશિયન મૂળના **Mi-17V5** હેલિકોપ્ટરના કાફલા સાથે સંકલિત કરવામાં આવી છે, તે લાંબા અંતરથી લક્ષ્યોને ફટકારવામાં સક્ષમ હશે અને દુશ્મનના લક્ષ્યો અને પર્વતો અથવા ટેકરીઓ પાછળ છુપાયેલી સંપત્તિઓ સામે ખૂબ અસરકારક સાબિત થઈ શકે છે. ચાલી રહેલા રશિયા-યુક્રેન સંઘર્ષ દરમિયાન, અહેવાલો સૂચવે છે કે યુક્રેનિયન દળોએ પશ્ચિમી યુરોપીયન દેશો અને યુએસ દ્વારા પૂરી પાડવામાં આવતી ટેન્ક વિરોધી અને વિમાન વિરોધી મિસાઈલોનો અસરકારક રીતે ઉપયોગ કર્યો છે. ભારતીય વાયુસેનાએ લગભગ બે વર્ષ પહેલા આ મિસાઈલોમાં રસ દાખવવાનું શરૂ કર્યું હતું જ્યારે ચીની સેનાએ પૂર્વી લદ્દાખ સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખા **(LAC)** પર મોટી સંખ્યામાં ટેન્ક અને પાયદળ લડાયક વાહનો તૈનાત કર્યા હતા.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે હાલમાં મર્યાદિત સંખ્યામાં સ્પાઈક એનએલઓએસ એટીજીએમનો ઓર્ડર આપવામાં આવ્યો છે અને ફોર્સ મેક-ઈન-ઈન્ડિયા પહેલ દ્વારા આ મિસાઈલોને મોટી સંખ્યામાં હસ્તગત કરવા પર ધ્યાન આપશે.હવાથી શરૂ કરાયેલ **NLOS ATGM** સ્ટેન્ડઓફ અંતરથી તેમના ગ્રાઉન્ડ લક્ષ્યો પર પ્રહાર કરી શકે છે અને દુશ્મન ટેન્ક રેજિમેન્ટને નોંધપાત્ર નુકસાન પહોંચાડી શકે છે અને તેમની પ્રગતિ અટકાવી શકે છે, સૂત્રોએ જણાવ્યું હતું. બે વર્ષ પહેલા ચીને બતાવેલી આક્રમકતાના કારણે દેશ પર ઉભા થયેલા ખતરાને ધ્યાનમાં રાખીને ભારતીય સેના અને વાયુસેનાએ ભારતીય અને વિદેશી બંને હથિયારો દ્વારા તેમના શસ્ત્રાગારને નોંધપાત્ર રીતે મજબૂત બનાવ્યા છે. ભારતીય વાયુસેનાના ઉચ્ચ અધિકારીઓ સ્વદેશીકરણ પર ખૂબ ભાર મૂકે છે અને ભારતીય સ્ત્રોતો અને ઉદ્યોગો દ્વારા આવા ઉચ્ચ તકનીકી ઉપકરણો અને શસ્ત્રોના ઉત્પાદન માટે ઘણા કાર્યક્રમોને સમર્થન આપી રહ્યા છે.

### ગુજરાતના ૨૧ રેલવે સ્ટેશનો બનશે વર્લ્ડ ક્લાસ

# દેશના ૫૦૮ રેલવે સ્ટેશનોની કાયાકલ્પ થશે



નવી દિલ્હી, તા.૭

અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત આગામી એક વર્ષમાં કુલ ૧૩૦૦ રેલવે સ્ટેશનોની કાયાકલ્પ થશે. સરકાર રેલ યાત્રીઓને શાનદાર સુવિધાઓ આપવાની શરુઆતી તબક્કામાં ૫૦૮ રેલવે સ્ટેશનો પર ૨૪,૪૭૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે. આગામી બે વર્ષમાં આ તમામ રેલવે સ્ટેશનને વર્લ્ડ ક્લાસ બનાવવો સરકારનો ઈરાદો છે. આ રેલવે સ્ટેશનો પર રુફ પ્લાઝા બનાવશે એટલે કે ટ્રેક પર રુફ હશે.

આ ઉપરાંત નવા રેલવ સ્ટેશન પર સર્વ સુવિધાયુક્ત રનિંગ રુમ પણ બનાવશે. શહેરના બે કિનારાને યોગ્ય એકીકરણ સાથે આ સ્ટેશનોને સિટી સેન્ટર તરીકે વિકસિત કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર થઈ રહ્યો છે. સ્ટેશન ભવનોની ડિઝાઈન સ્થાનિક સંસ્કૃતિ, વિરાસત અને વાસ્તુકલાથી પ્રેરિત હોય છે. આ રેલવે સ્ટેશન તે શહેર અથવા સ્થાનની સુંદરતાને પ્રદર્શિત કરશે. દેશમાં જે ૫૦૮ રેલવે સ્ટેશનની કાયાકલ્પ કરવામાં આવશે, જેમાં ૧૮ રેલવે સ્ટેશન આંધ્ર પ્રદેશ, આસામના ૩૨, બિહારના ૫૦, છત્તીસગઢના સાત, નવી દિલ્હીના ત્રણ અને ગુજરાતના ૨૧ રેલવે સ્ટેશન છે. શહેરના બે કિનારાને યોગ્ય એકીકરણ સાથે આ સ્ટેશનોને સિટી સેન્ટર તરીકે વિકસિત કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર થઈ રહ્યો છે આ ઉપરાંત હરિયાણાના ૧૫, હિમાચલ પ્રદેશના એક, ઝારખંડના ૨૦, કર્ણાટકના ૧૩, કેરલના પાંચ, મધ્ય પ્રદેશના ૩૪ રેલવે સ્ટેશનોને વર્લ્ડ ક્લાસ સુવિધાઓથી લૈસ બનાવવામાં આવશે. મહારાષ્ટ્રના ૪૪, નોર્થ ઈસ્ટમાં મેઘાલય અને નાગાલેન્ડમાં એક-એક સ્ટેશનોને અપગ્રેડ કરવામાં આવશે.

### છવાઈ ગયા પંકજ ત્રિપાઠી

# આવી ગયું અક્ષયકુમારની ફિલ્મ OMG 2નું ટ્રેલર



મુંબઈ, તા.૭

બોલિવૂડ એક્ટર અક્ષય કુમાર અને પંકજ ત્રિપાઠીની ફિલ્મ 'ઓહ માય ગોડ ૨'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. જો કે આ ટ્રેલર બુધવારે જ લોન્ચ થવાનું હતું, પરંતુ અક્ષય કુમારે આર્ટ ડિરેક્ટર નીતિન દેસાઈના નિધનને કારણે તેને મુલતવી રાખ્યું હતું. ૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ રિલીઝ થયેલા 'ઓહ માય ગોડ ૨'ના ટ્રેલર પર ચાહકોની પ્રતિક્રિયા આવી રહી છે. સની દેઓલની ગદર ૨ અને અક્ષય કુમારની 'સ્ટ ૨ બોક્સ ઓફિસ પર ટકરાઈ રહી છે. આવી સ્થિતિમાં ચાહકો પણ બંને ફિલ્મની સરખામણી કરી રહ્યા છે. દર્શકો અનુમાન લગાવી રહ્યા છે કે બોક્સ ઓફિસ પર કોણ જીતી શકે છે? 'ઓહ માય ગોડ ૨' એ વર્ષ ૨૦૧૨માં રિલીઝ થયેલી 'ઓહ માય ગોડ'ની સિક્વલ છે, આ વખતે તેમાં પરેશ રાવલ નહીં પરંતુ પંકજ ત્રિપાઠી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પરેશ રાવલને આ ફિલ્મની સ્ટોરી પસંદ ન હોવાને કારણે તેને રિજેક્ટ કરી દીધી હતી. **OMG 2**ના ટ્રેલરમાં પંકજ ત્રિપાઠી અને અક્ષય કુમાર ઉપરાંત અરુલ ગોવિલ અને યામી ગૌતમ પણ જોવા મળી રહ્યા છે. આ ફિલ્મની વાર્તા હોમોફોબિયા પર આધારિત છે. જયાં અગાઉની ફિલ્મ માન્યતાઓ, અંધશ્રદ્ધા અને દંભ પર આધારિત હતી. આ વખતે 'ઓહ માય ગોડ ૨' સેક્સ એજ્યુકેશન આસપાસ આધારિત છે. આ ફિલ્મનું નિર્દેશન અમિત રાયે કર્યું છે કે જેમણે અગાઉ 'ચીર હરણ' અને 'રોડ ટુ સંગમ' જેવી ફિલ્મો બનાવી છે. ફિલ્મ ઓહ માય ગોડ ૨નું ટ્રેલર ફિલ્મની વાર્તાનો વ્યાપક ખ્યાલ આપે છે. આ વખતે ફરી કોર્ટરૂમ ડ્રામા જોવા મળશે. પંકજ ત્રિપાઠી પોતાના રોલમાં ખૂબ જ સારી રીતે જામી રહ્યો છે. અક્ષય કુમાર આ વખતે ભગવાન કૃષ્ણ તરીકે નહીં પરંતુ ભગવાન શિવના રૂપમાં જોવા મળશે, મેકર્સે આ વખતે પણ મજબૂત થીમ પસંદ કરી છે અક્ષય કુમાર આ વખતે ભગવાન કૃષ્ણ તરીકે નહીં પરંતુ ભગવાન શિવના રૂપમાં જોવા મળશે. મેકર્સે આ વખતે પણ મજબૂત થીમ પસંદ કરી છે. ટ્રેલર જોઈને તમને પહેલાની'સ્ટ પણ યાદ આવી જશે. જ્યારે પણ કોઈ ફિલ્મની સિક્વલ આવે છે ત્યારે તેની સરખામણી જૂની ફિલ્મ સાથે ચોક્કસપણે થાય છે. આવી સ્થિતિમાં અક્ષય કુમારની ફિલ્મ તેમાં ખરી ઉતરતી જોવા મળી રહી છે.

# ડ્રગ્સ કેસમાં ફસાયેલી ક્રિસન પરેરા ૪ મહિના બાદ ભારત આવી



મુંબઈ, તા.૭

યુનાઈટેડ આરબ અમીરાતના સારજાહમાં ચાર મહિના પહેલા એક્ટ્રેસ ક્રિસન પરેરાની ધરપકડ કરવામાં આવી હતી. એક્ટ્રેસને ત્યાં ખોટા ડ્રગ્સ કેસમાં ફસાવાઈ હતી. થોડા દિવસ જેલમાં રહ્યા બાદ તે આરોપ મુક્ત થઈ હતી પરંતુ એ પછી પણ ખાસ્સા મહિને તે ભારત આવી શકી. કુલ ચાર મહિના બાદ સ્વદેશ પાછી ફરેલી ક્રિસન પરેરા મુંબઈ ઉતરતાં જ ભાવુક થઈ હતી. ગુરુવારે સવારે ક્રિસન પરેરા મુંબઈ પાછી આવતાં તેના પરિવાર અને મિત્રોએ રાહતનો શ્વાસ લીધો હતો. મુંબઈ આવ્યા પછી ક્રિસન પરેરાએ શહેર પોલીસ કમિશનર વિવેક ફળસંકર અને અન્ય સિનિયર પોલીસકર્મીઓ સાથે મુલાકાત કરી હતી. પોતાને પાછી લાવવામાં મદદ કરવા બદલ તેમનો આભાર ક્રિસને માન્યો હતો. મુંબઈ પાછી આવ્યા પછી ક્રિસન ખૂબ ખુશ છે. "હું પરત આવીને ખૂબ ખુશ છું. હું સુરક્ષિત અનુભવી રહી છું અને મારા પરિવારને મળીને આનંદનો પાર નથી. આગળ જીવનમાં જે કંઈપણ થશે તેના માટે હું તૈયાર છું. જો અમે આ મુદ્દાને સંભાળી લીધો તો આગળ જે આવશે તેની સામે પણ લડી લઈશું", તેમ તેણે હિન્દુસ્તાન ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું. જેલમાં વિતાવેલા દિવસોને ભયાવહ ગણાવતાં ક્રિસન પરેરાએ કહ્યું, એ દિવસો ખૂબ ડરામણા હતા. ત્યાં મારા જેવા લોકો નહોતા. ત્યાં બંધ કેટલાય લોકો ડ્રગ્સ વિશે જાણતા હતા અને ડ્રગ માફિયાના સંપર્કમાં હતા. તેઓ કેટલાય વર્ષોથી આ દેશની જેલમાં બંધ હતી.

સ્થિતિની વધુ જાણ તેમને હતી. મને કશું જ સમજાતું નહોતું કે શું થઈ રહ્યું છે. આખી પરિસ્થિતિ મારા માટે આઘાતજનક હતી. હું આખી પરિસ્થિતિ વિશે વારંવાર વિચાર કર્યા કરતી હતી. કોઈ મારી સાથે આવું શા માટે કરે? તે વિચાર મગજમાંથી ખસતો જ નહોતો. ક્રિસન માટે ત્યાં એક એક દિવસ કાઢવો મુશ્કેલ હતો પરંતુ તેનું કહેવું છે કે, ૧૭ દિવસ બાદ જ્યારે તેના માતાપિતા સાથે વાત થઈ તો તેને હિંમત મળી હતી, આશા બંધાઈ હતી. જેલમાં પોતાનું માનસિક સ્વાસ્થ્ય સારું રાખવા માટે તે કેટલાક લોકો સાથે વાત કરતી હતી અને ધ્યાન ભટકાવવા માટે મ્યૂઝિક વિના જ ડાન્સ પણ કરી લેતી હતી. ક્રિસનનું કહેવું છે કે, આ ઘટનાના કારણે તેના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર અસર પડી છે પરંતુ તે જલ્દી જ આ બધામાંથી બહાર આવીને સામાન્ય જિંદગી જીવવા આતુર છે. ચાર મહિના બાદ પરિવાર સાથેની મુલાકાત કેવી રહી? આ વિશે વાત કરતાં ક્રિસને કહ્યું, "હું જેલમાં હતી ત્યારે અહીં જે કંઈપણ થયું તેની માહિતી તેમણે મને આપી.

# અંતરિક્ષની ઊંચાઈ બાદ હવે સમુદ્રની ઊંડાઈને સ્પર્શશે ભારત

નવીદિલ્હી,તા.૭

આજે દરેક દેશ પૃથ્વીના દરેક કુદરતી સ્ત્રોતનો ઉપયોગ કરીને વિકાસ યાત્રા ઝડપી બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે. વર્ષોથી અંતરિક્ષના અલગ અલગ ગ્રહો સુધી પહોંચીને બ્રહ્માંડના રહસ્યોને જાણીને અકલ્પનીય શક્યતાઓ શોધવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. તે બધા વચ્ચે હવે બ્લૂ ઈકોનોમીની પહેલ પણ શરુ થઈ છે. અમેરિકા, ચીન જેવા દેશો દરિયામાં તે નવી અર્થવ્યવસ્થા ઊભી કરી રહ્યા છે, તે મિશનમાં હવે ભારત પણ જોડાવા જઈ રહ્યું છે. ભૂવિજ્ઞાન મંત્રાલયના કેન્દ્રીય મંત્રી કિરણ રિજીજુએ હાલમાં રાજ્યસભામાં જણાવ્યું કે ભારત પ્રથમ સમુદ્ર મિશન સમુદ્રયાન હેથળ માનવયુક્ત સબમરીનને દરિયામાં ઉતારશે. આ ભારતનું પ્રથમ માનવયુક્ત મિશન હશે. હાલમાં ગગનયાન ૩ દ્વારા ભારતના માનવયુક્ત સ્પેસમિશનને સફળ બનાવવાના પણ પ્રયત્નો ચાલી રહ્યા છે. મત્સ્ય ૬૦૦૦ નામની સબમરીન તૈયાર છે જેના પર હાલ ઘણા ટેસ્ટ થઈ રહ્યા છે. ભૂવિજ્ઞાન મંત્રાલયના કેન્દ્રીય મંત્રી કિરણ રિજીજુએ મત્સ્ય ૬૦૦૦ સબમરીનના અંદરના દ્રશ્યો દર્શાવતો વીડિયો શેયર કર્યો છે. જે હાલમાં ખુબ વાયરલ થઈ રહ્યો છે. આ સબમરીનનું પહેલા તબક્કાનું પરીક્ષણ માર્ચ, ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થશે. વર્ષ ૨૦૨૬ સુધીમાં આ યાન ૩ ભારતીયોને મહાસાગરમાં ૬૦૦૦ મીટરની ઊંડાઈએ લઈ જશે. જણાવી દઈએ કે જૂન, ૨૦૨૩માં અરબપતિઓને દરિયાના પેટાળમાં ટાઈટેનિક જહાજનો કાટમાળ જોવા લઈ ગયેલી ટાઈટન સબમરીન ૪ હજાર મીટર ઊંડે ડૂબી ગઈ હતી. ભારત તેના કરતા પણ ઊંડે ઉતરવાનો પ્રયાસ કરશે. હમણા સુધી ચીનની ફેંડોઝ સબમરીન દરિયામાં ૧૧ હજાર મીટર ઊંડી પહોંચી ચૂકી છે. આ મિશન સફળ રહ્યું તો ભારત દરિયાની ઊંડાઈએ પહોંચનાર પાંચમો દેશ બનશે.

પુરપ્રકોપ અને ઈમારત ધરાશાયી થવાના ગોઝારા બનાવ બાદ મનપા દ્વારા જર્જરીત ઈમારતો ઉતારી લેવાની એકતરફ કાર્યવાહી ચાલી રહી છે તો બીજી તરફ

# મુખ્યમંત્રી આવાસ યોજનાના મકાનમાં ભાડે રહેતા ૨૫૦ આસામીઓને સાત દિવસમાં મકાન ખાલી કરવાની નોટીસ

## જૂનાગઢમાં મકાન મળવું મુશ્કેલ : જાયે તો કહા જાયેની સ્થિતિમાં મુકાયેલા ભાડુતો

જૂનાગઢ તા.૭

જૂનાગઢ શહેરમાં કોલેજ રોડ ઉપર મોતીબાગ નજીક ગુજરાત હાઉસીંગ બોર્ડની સ્કીમ અંતર્ગત આવાસ યોજનાના મકાનો મેળવ્યા બાદ કેટલાક મકાનોમાં જે તે મકાન માલીકોએ અન્ય પાર્ટીને મકાનો ભાડે આપી દીધા હોવાની ઉચ્ચ કક્ષાએ રજુઆત બાદ આ અંગેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અને જે અંતર્ગત હાઉસીંગ બોર્ડનાં ૨૫૦ જેટલા ભાડુઆતોને મકાન ખાલી કરી નાખવાના તાજેતરમાં થયેલા આદેશને પગલે ભારે દોડધામ મચી જવા પામી છે. ચોમાસાના દિવસોમાં તાજેતરમાં જ ભારે પુરપ્રકોપની સ્થિતિ સર્જાણી હતી અને લોકોના જીવ પડીકે બંધાઈ ગયા હતાં. દરેક વિસ્તાર અને સોસાયટીમાં પણ પાણી ઘુસી જતા લોકોના મકાન તેમજ દુકાનોમાં પણ ભારે નુકશાની પહોંચી છે. આ ઉપાધી પુરપ્રકોપની હતી ત્યાં જ જર્જરીત ઈમારત ધરાશાયી થવાના ગોજારા બનાવ બાદ જૂનાગઢ શહેરમાં આવેલી અનેક જર્જરીત ઈમારતોને ઉતારી લેવાની મનપા દ્વારા નોટીસ અને કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. આજે જૂનાગઢ શહેરમાં મકાન મળવું ખુબ જ મુશ્કેલ બની ગયુ છે. તેવા સંજોગોમાં ભાડાનુ ઘર ધરાવતા લોકો જાયે તો કહા જાયે તેવી સ્થિતિ સર્જાણી છે. જૂનાગઢમાં મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ગિરનાર હાઈટસ ૧ અને ૨માં ૪૦૦થી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું હતં. જેમાં આવાસના માલીકો દ્વારા ૨૫૦થી વધુ ફલેટને ભાડે આપી દીધા હોવાનું ગુજરાત હાઉસીંગ બોર્ડના ધ્યાને આવતાં તેમના દ્વારા આગામી સાત દિવસમાં ખાલી કરાવવા માટે આદેશ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજયના દરેક મેટ્રો શહેરમાં મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારનાં લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે લાગુ કરવામાં આવી હતી. જેથી આવા મધ્યમવર્ગી લોકોને ઘરનું ઘર મળે. જૂનાગઢમાં મોતીબાગ રોડ ઉપર ૪૦૦થી વધુ ફલેટ આવાસ યોજના હેઠળ બનાવવામાં આવ્યા છે. જેમાંથી ૩૦૦થી વધુ આવાસોને લાભાર્થીઓને સોંપી દેવામાં આવેલ છે. ત્યારે સરકારનાં ધારા ધોરણ મુજબ આવાસનાં માલિક હકંકો આપવામાં આવેલ છે અને તેમને આગામી સાત વર્ષ સુધી ભાડે નહી આપવા તેમજ વેચાણ નહી કરી શકે તેવી ગાઈડલાઈન હેઠળ ફાળવણી કરવામાં આવી હતી. આમ, અહી ચાર આવાસ યોજનાની ઈમારતો બનાવવામાં આવી છે. જેમાં એક બિલ્ડીંગમાં એક માળ ઉપર ૧૪ ફલેટ આવેલા છે. આમ કુલ બિલ્ડીંગમાં ૭ માળ આવેલા હોય જેથી કુલ ૯૮ ફલેટ ધરાવતુ એક ઈમારત છે. આવા કુલ ચાર ઈમારતો આવેલા જેમાં ૪૦૦ જેટલા ફલેટો આવેલા છે. આ તમામ આવાસોને માલિકી હકકો આપી દેવામાં આવ્યા હોય ત્યારે તંત્ર દ્વારા સ્થળ ચકાસણી કરવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ગાઈડ લાઈટ વિરૂધ્ધ માલિકી હકક આપવામાં આવેલ રહેતાં ન હોવાનું ધ્યાને આવ્યું હતું. તેમજ આ આવાસોમાં અન્ય રહેણાંકકર્તા ભાડે રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. આથી ગાઈડલાઈન વિરૂધ્ધ હોવાને લીધે ભાડા કરાર હેઠળ રહેતાં આશરે ૨૫૦ જેટલા પરિવારોને આવાસ ખાલી કરવાના આદેશ ફરમાવ્યો હતો. જેનાં પરિણામે સામાન્ય જીવન જીવતાં મધ્યમવર્ગીય લોકોમાં દોડધામ મચી જવા પામી હતી. જેથી પરીવાર દ્વારા તાત્કાલીક ધોરણે મકાનો શોધી અને સામાન ફેરવવાની કામગીરીમાં જોતરાયા છે.

વિસાવદર–માંડાવડ ચોકડી નજીક આવેલ

# શીવ શક્તિ મીની ઓઈલ મીલમાંથી જવલંનશીલ પદાર્થનો રૂા. ૮.૯૨ લાખનો જંગી જથ્થો ઝપાયો - 3 સામે કાર્યવાહી

જૂનાગઢ તા.૭

રેન્જ આઈજી નીલેશ જાંજડીયા તેમજ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના સુચના અને માર્ગદર્શન હેઠળ જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.જે.પટેલ તેમજ પીએસઆઈ જે.જે.ગઢવી અને ક્રાઈમ બ્રાન્ચના ચુનંદા ટીમ દ્વારા વિસાવદર-માંડાવડ ચોકડીથી બગસરા રોડ પર રેલ્વે ફાટક નજીક આવેલ શીવ શક્તિ મીની ઓઈલ મીલના શેડમાંથી જવલંતશીલ પદાર્થનો જથ્થો ઝડપી લઈ ત્રણ સામે ગુનો દાખલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ જીવાભાઈએ જાતે ફરીયાદી બની અમદખા ગુલાબખા લોદી(ઉ.વ.૬૦), તેજસ શાંતીલાલ ગણાતરા તેમજ હાજર નહી મળી આવનાર અક્ષય સોજીત્રા સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ કે, આ કામના આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા સારૂ બહારથી જવલનશીલ પ્રવાહી મંગાવી વિસાવદર, માંડાવડ ચોકડી થી બગસરા રોડ પર રેલ્વે ફાટક પાસે આવેલ શીવ શકિત મીની ઓઈલ મીલ નામના શેડમાં કોઈ પણ પ્રકારના ફાયર સેફટીના સાધનો રાખ્યાર વગર પ્લા સ્ટીકની ટાંકીઓમાં સ્ટોશરેજ કરી જે સહેલાઈથી આગ લાગવાથી સળગી ઉઠે અને આવા કૃત્ય થી જાનહાની થવાની પુરેપુરી શકયતા હોય તેવું જાણવા છતા જાણી જોઈને બેદરકારીભર્યું કૃત્ય આચરી ગુનાહીત કાવતરૂ કરી રેઈડ દરમ્યાન જવલનશીલ પ્રવાહી આશરે લીટર ૧૨,૦૦૦/ - કિ.રૂ.૮,૪૦,૦૦૦/- તથા પ્લા.ના ટાંકા નંગ-૪ની કિ.રૂ.૧૨૦૦૦/- મળી કુલ કિ.રૂ.૮,૫૨,૦૦૦/- તેમજ ફયુઅલ મશીન કાળા લાલ કલરનું કિ.રૂ.૨૫,૦૦૦/- તેમજ સફેદ કલરનો વિવેરા કંપનીનો ૧૦૦૦ લીટરનો ખાલી ટાંકાની કિ.રૂ.૧૦૦૦/- તથા એક ઈલેકટ્રીક મોટર જેમાં બંન્ને છેડે પાઈપ ફિટ જેની કિ.રૂ.૨૦૦૦/ - તથા પતરાના એક બેરલની કિ.રૂ.૨૦૦/- લેખે કુલ કિ.રૂ.૪૦૦/- તથા પ્લા.ના ૨૦૦ લીટરના ખાલી બેરલ નંગ-૨ કિ.રૂ.૪૦૦/- તથા નાના ૫૦ લીટરના કેરબાની કિ.રૂ.૧૦૦/- લેખે કુલ-૩ કેરબાની કિ.રૂ.૩૦૦/- તથા ૩૫ લીટરનો કેરબાની કિ.રૂ.૧૦૦/- તથા ૨૫ લીટરના ખાલી કેરબાની કિ.રૂ.૧૦૦/- તથા ૫ લીટરીયું માપીયાની કિ.રૂ.૨૦૦/- તથા બે મોબાઈલ કિ.રૂ.૧૧૦૦૦/- મળી એમ કુલ કિ.રૂ.૮,૯૨,૫૦૦/--ના મુદામાલ સાથે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢમાં પહેલીવાર સાનિધ્ય ગૃપ, જાગનાથ મહિલા મંડળ દ્વારા

# ૮૪ બેઠકજીનો ભાવપુર્ણ કાર્યક્રમ યોજાયો

## પ૬ ભોગના દર્શનાર્થે વૈષ્ણવો ઉમટી પડયા

### આજે સવારે ચુંદડી મનોરથના દર્શનનો લાભ લેતા ભાવિકો : સાંજે ગુંસાઈજીના સાત લાલનના યોજાશે દર્શન





જૂનાગઢ તા.૭

જુનાગઢ શહેરમાં પહેલીવાર સાનિધ્ય ગ્રુપ તથા જાગનાથ મહિલા સત્સંગ મંડળ દ્વારા અધિક માસ પુરુષોત્તમ મહિના દરમિયાન સુંદર મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે.

૮૪ બેઠકજીના ૪ દિવસ સુધી દર્શન તેમજ બેઠકજી દર્શન સાથે વિશેષ મનોરથ થોજવામાં આવ્યો છે, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દ્વારા દર્શન પૂજન અને સત્સંગ સાથે કીર્તન યોજવામાં આવ્યા હતા. શહેરના સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લોઢીયાવાડી જલારામ સોસાયટી ખાતે યોજવામાં આવેલ આ ધાર્મિક ઉઠાવ્યો હતો. આયોજનમાં ૮૪ બેઠકજીના દર્શન જેમાં ગત શુક્રવારે સવારે ગિરિરાજજી દર્શન સાંજે અષ્ટસખા દર્શન તેમજ શનિવારે સવારે સેવા ગોપી દર્શન અને સાંજે રાસલીલાના દર્શન યોજવામાં આવ્યા હતા, જ્યારે આજે અધિક વદ પાંચમને રવિવારના રોજ સવારે છાકલીલાના દર્શન અને સાંજે પ૬ ભોગના આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. આજે સવારે ચુંદડી મનોરથના દર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમજ સાંજે શ્રીગુસાઈજીના સાત લાલન દર્શન યોજવામાં આવશે. જુનાગઢ શહેરમાં પહેલીવાર સાનિધ્ય ગ્રુપ તથા જાગનાથ મહિલા સત્સંગ મંડળ દ્વારા આ ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવો અનેભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા તેમ સાનિધ્ય ગ્રુપ રસીકભાઈ પોપટભાઈ યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ : જટાશંકર મહાદેવના દર્શને અને કુદરતી સૌંદર્ય માણવા ભાવિકો ઉમટી પડયા



જૂનાગઢ તા.૭

ગરવા ગિરનારની ગોદમાં રોપ વે સ્ટેશનની બાજુમાં પર્વત પર બિરાજમાન જટાશંકર મહાદેવની પ્રાચીન જગ્યા આવેલ છે જયાં ચોમાસા દરમ્યાન પહાડોમાંથી કુદરતી વહેતા ધોધ ઝરણાનો નજારો મનમોહક હોય છે જયારે ભગવાનના દર્શન કરી આ કુદરતી વહેતા ધોધમાં ન્હાય અને પ્રકૃતિનો આનંદ માણવા આખુ જૂનાગઢ ગઈકાલે રવિવારની રજા માણવા ઉમટી પડેલ. ઉપરોકત તસ્વીરમાં જટાશકંર મહાદેવ અને દર્શને ઉમટેલ ભાવિકો તેમજ મહંત પુ.પુર્ણાનંદબાપુ તસ્વીરમાં નજરે પડે છે.

# ચોકી સોરઠ ખાતે બીજા માળેથી પડી જતા મૃત્યું

જૂનાગઢ તા.૭ : જૂનાગઢ તાલુકાના ચોકી સોરઠ ખાતે રહેતા માહીર ભીમજીભાઈ જરવરીયા (ઉ.વ.૧૮)નામનો યુવાન ગ્લોરીયસ એકસપોર્ટ કારખાના ચોકી ખાતે લાદી ફીટીંગના કામે ગયો હોય અને તેનો ધ્યાન મોબાઈલમાં હોય અને બીજા માળેથી પડી જતા તેને મુંઢ ઈજાઓ થતા તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરેલ છે.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા.....
ગાયત્રી કલીનીક
ડો. એ.આર. સિસોદીયા
B.A.M.S
ફેમીલી ફિઝીશ્યન એન્ડ સર્જન
મો. ૯૬૩૮૮ ૨૧૬૨૯
સ્માઈલ - ઓન ડેન્ટલ કેર
ડો. હેમાંગી ભુવા (B.D.S.)
મો. ૯૧૦૬૭ ૦૨૧૫૦
ગાયત્રી કલીનીકલ લેબોરેટરી
વિશાલ આસોદરીયા
(B.Sc. P.G.D.M.L.T.)
મો.૯૯૦૪૨ ૧૮૨૫૭

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

‘ફ્લાય ફાસ્ટ’ પાર્સલ સર્વિસ-હવે આપના દ્વારે ‘સૌરાષ્ટ્ર ભૂમિ’ દૈનિકની સાથોસાથ
એક નવું સોપાન કુરિયર ક્ષેત્રમાં એક નવી ઉડાન
જૂનાગઢ, કેશોદ, વેરાવળ, પ્રાંચી, કોડીનાર, ઉના, દીવ
એ જ દિવસે ડિલિવરી...
SAME DAY DELIVERY
પાર્સલ સર્વિસ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
FlyFast
POWERED BY SAURASHTRA BHOOMI
ડેઈલી સર્વિસ જૂનાગઢથી સવારે ૧૧:30
હેડ ઓફિસ
ફલાય ફાસ્ટ, સૌરાષ્ટ્ર ભૂમિ મીડિયા હોઉસ, જેલ રોડ, જૂનાગઢ. CALL : 99097 06464
બ્રાન્ચ ઓફિસ
દરબાર ઓટો, ચિતાખાન ચોક, જૂનાગઢ. CALL : 98242 28089
ફલાય ફાસ્ટ, માધવરાયજી રોડ, મોક્ષ પીપળાની બાજુમાં, CALL : 9978523182, 9586820516
ફલાય ફાસ્ટ, સાગર ડેરી, બસ સ્ટેશન રોડ, ઉના. CALL : 9374655255
ફલાય ફાસ્ટ, રોયલ ફૂડ રેસ્ટોરન્ટ, ઉના ઝાપા, કોડીનાર. CALL : 9824688105
ફલાય ફાસ્ટ પાર્સલ સેવા...
આપનો વિશ્વાસ પ્રયાસ અમારો...